Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:288 Dt.16-09-2021 (Thursday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## કેબિનેટ કક્ષાના ૧૦ સહિત કુલ ૨૪ મંત્રીઓની રાજભવનમાં શપથવિધિ યોજાઇ




# નો રિપીટ થિયરી

### મુખ્યમંત્રી સહિત કુલ ૨૫ સભ્યોનું મંત્રી મંડળ, બે મહિલાઓને સ્થાન, પાંચ મંત્રીઓને રાજયકક્ષાનો સ્વતંત્ર હવાલો, સૌરાષ્ટ્રના જીતુ વાઘાણી, બ્રિજેશ મેરજા, રાઘવજી પટેલ જેવા નેતાઓને મંત્રી પદ, રૂપાણી સરકારના એક પણ મંત્રીને સ્થાન નહીંઃ શપથ વિધિ બાદ આજે સાંજે ૪:૩૦ વાગયે નવી કેબિનેટની પ્રથમ બેઠક

## શપથવિધિ સમારંભમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલ, પ્રદેશ પ્રમુખ પાટીલ સહિતના આગેવાનોની હાજરી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સાવ નવી ટીમને ભાજપમાં વ્યાપક આવકાર











(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં પ્રથમ વખત ૧૦૦ ટકા નો રિપીટ ફોર્મ્યુલાનો અમલ કરીને ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ નવી કેબિનેટની રચના કરવામાં આવી છે અને રૂપાણી સરકારના કોઇપણ મંત્રીઓને સ્થાન આપવામાં આવ્યું નથી. ભુપેન્દ્ર પટેલની ટીમમાં તમામ નવા ચહેરાઓને અને યુવા ધારાસભ્યોને મહતમ સ્થાન આપીને ભાજપ મોવડી મંડળે અસાધારણ રાજકીય પગલુ લીધુ છે. આજે રાજભવન ગાંધીનગર ખાતે યોજાયેલા સાદગી ભર્યા છતાં ભવ્ય શપથવિધિ સમારંભમાં ૨૪ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. જેમાંથી ૧૦ ધારાસભ્યોએ કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા. ૧૪ નવા ચહેરાઓએ રાજય કક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા. ગવર્નર આચાર્ય દેવવ્રતે તમામ નવા મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે મંચ પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગુજરાતના પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ તથા રાષ્ટ્રીય સંગઠન મંત્રી એમ.એલ.જોષી સહિતના ટોચના તમામ ભાજપી નેતાઓ અને પક્ષના ધારાસભ્યોએ હાજરી આપી હતી. બપોરે બરાબર ૧:૩૦ વાગ્યાથી શપથ વિધિ સમારંભ શરૂ થયો હતો.

નવા મંત્રી મંડળમાં તમામ નવા ચહેરાને સ્થાન આપવામાં આવ્યું છે. ૨ મહિલા ધારાસભ્યોને મંત્રી પદ આપવામાં આવ્યું છે. હર્ષ સંઘવી જેવા યુવા નેતાઓને પણ મંત્રી બનાવીને ભાજપ મોવડી મંડળે ગુજરાતમાં રાજકીય સ્વચ્છતા અભિયાન ચલાવ્યું છે. આખે આખી રૂપાણી સરકારને ડ્રોપ કરી દેવામાં આવી છે અને ટીમ ભુપેન્દ્રમાં બિલકુલ નવા ચહેરાઓને સ્થાન આપીને ભાજપે ગજબનાક રાજકીય દાવ ખેલ્યો છે. સંપુર્ણ પણે નો રિપીટ ફોર્મ્યુલા અપનાવવામાં આવી છે. આવું ગુજરાતમાં પહેલીવાર કરવામાં આવ્યું છે.

સૌપ્રથમ પહેલા રાઉન્ડમાં કેબિનેટ મંત્રી તરીકે વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી, જીતુ વાઘાણી, ઋષીકેસ પટેલ, પૂર્ણેશ મોદી અને રાઘવજી પટેલે એક સાથે શપથ ગ્રહણ કર્યા હતા. એ પછી કેબિનેટ મંત્રી તરીકે કનુ દેસાય, કિરીટસિંહ રાણા, નરેશ પટેલ, પ્રદિપ પરમાર અને અર્જુનસિંહ ચૌહાણે શપથ ગ્રહણ કર્યા હતા. આ રીતે ૧૦ ધારાસભ્યોએ કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે સ્થાન મેળવ્યું છે.

એ પછી રાજય કક્ષાના મંત્રીઓના શપથ શરૂ થયા હતા. સૌપ્રથમ સુરતના યુવા નેતા હર્ષ સંઘવી, જગદીશ પંચાલ, બ્રિજેશ મેરજા, જીતુ ચૌધરી અને મનીષાબેન વકિલે રાજય કક્ષાના મંત્રી તરીકે એક સાથે શપથ લીધા છે. એમના પછી મુકેશ પટેલ, નિમિષાબેન સુથાર, કુબેરસિંહ ડિંડોર, અરવિંદ રૈયાણી અને કિર્તીસિંહ વાઘેલાએ રાજયકક્ષાના મંત્રી તરીકે એક સાથે શપથ લીધા હતા.

ત્યારબાદ બીજા ચાર ધારાસભ્યો ગજેન્દ્રસિંહ પરમાર, રાઘવજી મકવાણા, વિનોદ મોરડીયા અને દેવા માલમે રાજય કક્ષાના મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. આ રીતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત ભાજપના ૨૫ સભ્યોના પ્રધાન મંડળની રચના કરવામાં આવી છે.

નવા મંત્રી મંડળની પહેલી જ બેઠક આજે જ સાંજે મળી રહી છે. સ્વર્ણીમ સંકુલ ખાતે આજે સાંજે ૪:૩૦ વાગ્યે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને નવી કેબિનેટની બેઠક મળશે. ખાતાઓની ફાળવણી હવે કરવામાં આવે તેવી શકયતા છે. નવી કેબિનેટમાં બે એવા ધારાસભ્યોને સ્થાન અપાયું છે જે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા છે. મોરબીના બ્રિજેશ મેરજા અને જીતુ ચૌધરી બન્ને કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. આ બન્ને ઇનામ રૂપે મંત્રી પદ આપવામાં આવ્યું છે. બન્ને રાજય કક્ષાના મંત્રી છે. બે મહિલા વડોદરાના મનીષાબેન વકિલ અને પંચમહાલનો મહિલા નેતૃત્વનો ચહેરો ગણાતા નિમિષાબેન સુથારને પણ કેબિનેટમાં સ્થાન આપવામાં આવ્યું છે બન્નેએ રાજય કક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા. નવી કેબિનેટમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય અને ઉત્તર ગુજરાતને પુરતુ પ્રતિનિધિત્વ આપવાનો ભાજપની નેતાગીરીએ સભાન પ્રયાસ કર્યો છે. પાટીદાર, ઓબીસી, એસસી અને એસટી, ક્ષત્રિય તથા જૈન સમાજને ટીમ ભુપેન્દ્રમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. હવે કોને કયાં ખાતા ફાળવવામાં આવે છે એ મોડી સાંજે અથવા આવતીકાલ સુધીમાં ખબર પડી જશે. હર્ષ સંઘવી અને જગદીશ પંચાલને તથા બ્રિજેશ મેરજા તથા જીતુ ચૌધરીને રાજય કક્ષાનો સ્વતંત્ર હવાલો સોંપાયો છે તેમ જાણવા મળ્યું છે. એ જ રીતે મનીષાબેન વકિલને પણ રાજયકક્ષાનો સ્વાતંત્ર હવાલો મળ્યો છે. એજ રીતે રાજય કક્ષાના પાંચ મંત્રીઓને સ્વતંત્ર હવાલો મળ્યો છે.

મંત્રી મંડળની પરીપુર્ણ થતા વેત મંત્રીઓના મત વિસ્તારોમાં ઉત્સાહી ભાજપના કાર્યકરોએ જોરદાર ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. ઠેરઠેર જોરદાર આકાશ બાજી કરવામાં આવી હતી અને મીઠાઇથી બધાના મોં મીઠા કરવામા આવ્યા હતા.(૨.૧૧)



## ભૂજ–કચ્છના અગ્રણી મહિલા નેતા નિમાબેન આચાર્યને વિધાનસભાનાં અધ્યક્ષ બનાવવાની જાહેરાત

## અંબાજીનો ભાદરવી પુનમનો મેળો રદ્દઃ ૨૫ સપ્ટેમ્બર સુધી મંદિર પણ બંધ, પગપાળા સંઘોને પણ મંજૂરી નહીં, રાજયના ગૃહ સચિવનો મંદિર ટ્રસ્ટને આદેશ

## નવા ચહેરા, સાહસિક રાજકીય જુગારઃ ચૂંટણીઓ વહેલી આવશે ?

### રૂપાણી કેબિનેટ આખે આખી ડ્રોપ કરવા પાછળનો હેતુ શું?ઃ રાજકીય પંડિતો અને નિષ્ણાંતોનું મંતવ્ય, ચાર મહિનામાં ચૂંટણી જાહેર થઇ શકેઃ તમામ નવા ચહેરાને સ્થાન આપીને મોટો ખેલ પાડવા પાછળ મોટી રાજકીય ગણતરીઃ નવા ચહેરાને સ્થાન અપાતા કેબિનેટમાં સામેલ ન થયેલા નવા વિસ્તારોમાં ભાજપનો વ્યાપ વધશે



### ભાજપનાં મોવડી મંડળની રાજકીય સોગઠી સી.આર.પાટીલ ટીમની સલાહને આભારી હોવાની શકયતા

### કોંગ્રેસમાંથી માત્ર મંત્રી પદ માટે ભાજપમાં આવેલા રાજકીય પેરાસુટની હાલત અત્યંત દયાજનક બની

### નવા વિસ્તારોને પ્રતિનિધિત્વ આપીને ભાજપ આગામી ચૂંટણીઓમાં મોટી સફળતા માટે આશાવાદી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

(અસલમ ફારૂક)

રાજકોટ, તા.૧૬

કેન્દ્ર તથા દેશનાં અનેક ચાવીરૂપ અને મહત્વના રાજયોમાં સત્તા સ્થાને બિરાજતા ભાજપે અગાઉ કદી ન કર્યુ હોય અને એ ઢબે ગુજરાતમાં સાહસિક નિર્ણય લઇને મોટો રાજકીય જૂગાર ખેલવાનું નક્કી કરતા રાજકીય નિષ્ણાંતો અને પંડિતોમાં તરેહ તરેહની ચર્ચા શરૂ થઇ ગઇ છે. રાજકીય ખેલંદાઓ મક્કમ પણે એવું અનુમાન વ્યકત કરી રહયા છે કે, આખી ટીમ રૂપાણીને પડતી મુકીને ગુજરાતમાં ભાજપે નવા ચહેરા સામેલ કરી નવા પ્રયોગો કર્યા છે એટલે વિધાનસભાની ચૂંટણીઓ વહેલી આવી શકે છે. કેટલાક નિષ્ણાંતોના મતે આગામી ચાર થી પાંચ મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ જાહેર કરીને નો રિપીટ થિયરીના સહારે રિપીટ થવાની ગણતરી ભાજપના મોવડીઓએ માંડી છે. ગુજરાત સરકારની રચના થઇ ચુકી છે અને તમામ નવા ચહેરા જોવા મળ્યા છે. ભાજપમાં મંત્રી પદની તમન્ના સાથે કોંગ્રેસમાંથી આવેલા અને મંત્રી પદ મેળવી ચુકેલા રાજકીય પેરાશુટ જેવા નેતાઓને પણ પડતા મુકી દઇ ખુબ જ હિંમ્મત ભર્યા ફેંસલા કરવામાં આવ્યા છે. બિલકુલ નવતર પ્રયોગને કારણે રાજકીય નિરીક્ષકોમાં એવું અનુમાન દ્રઢ બન્યું છે કે, વિધાનસભાની ચૂંટણીઓ નિર્ધારીત સમય કરતા વહેલી આવી શકે છે.

ગઇકાલે નો રિપીટ થિયરીના વ્યૂહ અંગેની વિગતો ભાજપમાં લીક થઇ અને અસંતોષનો જવાળામુખી ભભૂકી ઉઠયો તેના પગલે મોવડી મંડળનાં સીધા માર્ગદર્શન હેઠળ ગઇકાલે દિવસભર અને રાતભર ભાજપમાં જોશભેર ડેમેજ કંટ્રોલની કવાયત ચાલુ રહી હતી. ખુબ જ દબાણ અને બળવાની સંભવિત ધાક-ધમકીઓ છતાં મોવડી મંડળ મક્કમ રહયું છે અને આંતરીક સુત્રોનું માનીયે તો નવી ટીમ ભુપેન્દ્રની રચનામાં ભાજપ મોવડી મંડળે મોટાભાગે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની સલાહને અનુસરી છે અને એમના અભિપ્રાયોને વજન આપવામાં આવ્યું છે અને એમણે સુચવેલા નામો પર મોટા ભાગે મંજુરીની મોહર લગાવવામાં આવી છે.

આ રીતે નવા નામો સાથે ગુજરાતના અત્યાર સુધી પ્રતિનિધિત્વ વગરના રહેલા ડઝન બંધ નવા વિસ્તારોને પણ કેબિનેટમાં પ્રતિનિધિત્વ મળ્યું હોવાથી આગામી ચૂંટણીઓમાં એ વિસ્તારોમાં મોટો રાજકીય લાભ મેળવવાની ગણતરી માંડવામાં આવી છે.ડ્રોપ થયેલા પૈકીના જે વગદાર નેતાઓ છે એમના વિસ્તારોમાં જો કદાચ થોડો ઘણુ રાજકીય નુકસાન થાય તો પણ નવા વિસ્તારોમાંથી વધુ બેઠકો મેળવીને ખોટને સરભર કરવાની ઉંડી રાજકીય ગણતરી રાખવામાં આવી છે એવું રાજકીય નિરીક્ષકો કહી રહયા છે. સરવાળે ભાજપમાં ઇતિહાસમાં પહેલીવખત એવું બન્યું છે કે મુખ્યમંત્રીને બદલ્યા બાદ વિદાય લેનાર મુખ્યમંત્રીની આખેઆખી કેબિનેટનો ઉલાળીયો કરી નાખવામાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## જવાહર ચાવડાએ કહ્યું મને એક ટકો પણ નારાજગી નથી



જૂનાગઢ, તા.૧૬

રૂપાણી સરકારમાં કેબિનેટ મંત્રી રહેલા જૂનાગઢ જિલ્લાના દમદાર આહિર આગેવાન જવાહર ચાવડાએ જણાવ્યું હતું કે, મને એક ટકો પણ નારાજગી નથી તેમણે અસંતોષની તમામ અફવાઓ પર પુર્ણવિરામ મુકી દીધુ હતું. રૂપાણી સરકારમાં પ્રવાસન મંત્રી તરીકે કામગીરી બજાવનાર જવાહર ચાવડાએ જણાવ્યું હતું કે,

(અનુ.પાના નં.૪ ઉપર)

## ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી- કનૈયા કુમાર કોંગ્રેસમાં જોડાશે ?

### સી.પી.આઈ નાં નેતા અને પૂર્વ વિદ્યાર્થી અગ્રણી કનૈયા રાહુલને મળ્યાઃ વડગામથી ચૂંટાયેલા મેવાણી પણ કોંગ્રેસ નેતાગીરીનાં સતત સંપર્કમાં



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૬

ગુજરાતનાં વડગામ વિસ્તારનાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી અને જે.એન.યુ વિદ્યાર્થી સંઘનાં પૂર્વ પ્રમુખ તથા સી.પી.આઈ નેતા કનૈયા કુમાર ટૂંક સમયમાં કોંગ્રેસમાં જોડાય રહ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. આક્રમક વિદ્યાર્થી નેતા ગણાતા કનૈયા કુમાર ગઈકાલે કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને મળ્યા હતા. ત્યારબાદ એમના કોંગ્રેસ પ્રવેશની શક્યતા વિશે દિલ્હીની લોબીમાં ચર્ચા ચાલુ થઇ હતી.

જાણકાર સુત્રો કહે છે કે, ભારતીય સામ્યવાદી પક્ષમાં કુમાર ગુંગળામણ અનુભવી રહ્યા છે. એટલે હવે સી.પી.આઈ છોડીને કોંગ્રેસમાં જવા આતુર છે. આ અંગે પ્રશ્ન થતા સી.પી.આઈ નાં મહામંત્રી ડી.રાજાએ જણાવ્યું હતું કે, આવી ચર્ચા ચાલે છે તેમણે સાંભળ્યું છે. કનૈયા કુમારે કોઈ પ્રતિભાવ આપ્યો નથી. પણ કુમારની નજીકનાં સુત્રો કહે છે કે બિહારનાં રાજકારણમાં ચાવી રૂપ ભૂમિકા ભજવવા માટે કનૈયા કુમાર ખૂબ જ આતુર છે. બિહારમાં કોંગ્રેસ છેલ્લા ત્રણ દાયકાથી બિલકુલ જમીન દોસ્ત થઇ ગઈ છે. ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ ૭૦ બેઠકો પરથી

(અનુ.પાના નં.૪ ઉપર)

## વિશ્વના ૧૦૦ વગદાર નેતાઓમાં મોદી-મમતા બેનર્જી

### અમેરિકાનાં પ્રમુખ બાઈડન, ઉપપ્રમુખ કમલા હેરીસ પણ સામેલઃ આશ્ચર્યજનક નામ તાલીબાન દળોનાં નેતા મુલ્લા અબ્દુલગની બરાદરનું



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકા અને વિશ્વનાં પ્રતિષ્ઠિત સામયિક ટાઈમ મેગેઝીનમાં ૨૦૨૧ નાં વિશ્વના ૧૦૦ સૌથી વગદાર મહાનુભાવોની યાદીમાં ટોચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી અને પુણેની સીરમ ઇન્સ્ટીટયુટનાં વડા અદાર પુનાવાલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ટાઈમ મેગેઝીન દ્વારા પ્રગટ થયેલી યાદીમાં અમેરિકાનાં પ્રમુખ જો બાઈડન તથા ઉપપ્રમુખ કમલા હેરીષ, ચીનના પ્રમુખ શી જીનપીંગ, ઇંગ્લેન્ડના પ્રિન્સ હેરી અને મેગાન, અમેરિકાનાં પૂર્વ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સૌથી વધુ આશ્ચર્યજનક નામ તાલીબાનોનાં સ્થાપક મુલ્લા અબ્દુલગની બરાદરનું પણ છે.

મોદી વિશે અમેરિકી મેગેઝીનમાં લખ્યું છે કે, છેલ્લા ૭૪ વર્ષમાં સ્વતંત્ર ભારતને ૩ મહત્વના ચાવીરૂપ નેતાઓ મળ્યા છે. એમના નામ જવાહરલાલ નહેરુ, ઇન્દિરા ગાંધી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. મોદીનું ભારતીય રાજકારણ પર જે વર્ચસ્વ છે એ અગાઉ કોઈનું રહ્યું નથી.

ટાઈમમાં મોદીનાં જીવન વિશે લખતા સી.એન.એન નાં પત્રકાર ફરીદ ઝકરીયાએ એવો આક્ષેપ કર્યો હતો કે, નરેન્દ્ર મોદી દેશને ધર્મ નિરપેક્ષતાનાં સિધ્ધાંતોથી દૂર કરીને હિન્દુ રાષ્ટ્રવાદ તરફ લઇ ગયા છે. પત્રકારોને ધમકાવવામાં આવી રહ્યા છે અને જેલમાં નાખવામાં આવી રહ્યા છે.



મુસ્લિમોનાં અધિકારોનું હનન કરવામાં આવી રહ્યું છે.

મમતા બેનર્જી અંગે મેગેઝીન લખે છે કે, મમતા ભારતીય રાજકારણનો લડાયક ચહેરો બનીને બહાર આવ્યા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગોંડલનાં ટ્વીન્સ મંથન અને માનસીનો આજે જન્મદિવસ



ગોંડલનાં હિતેશભાઈ મહેતાનાં પુત્ર મંથન અને પુત્રી માનસીનો આજે જન્મદિવસ છે. જીવનમાં ખૂબ સારી પ્રગતિ કરે અને જીવનનાં બધા સપનાઓ પુરા કરે તેવા આશિર્વાદ સાથે માતા-પિતા, પરિવારજનો, સગા-સંબંધી જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી તરફથી ટ્વીન્સ મંથન અને માનસીને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...(૭.૧૨)


સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

## મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

## ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોનો ચોંકાવનારો રીપૉર્ટ

# ૨૦૨૦માં દેશમાં દરરોજ ૮૦ હત્યા અને ૭૭ બળાત્કારના કેસ નોંધાયા

## ગુજરાતમાં બેંકીંગ ફ્રોડના કેસ ૧ વર્ષમાં ડબલ થઇ ગયા

અમદાવાદઃ બેકિંગ ક્ષેત્રના ફ્રોડમાં ૨૦૨૦માં ગુજરાતમાં વધારો થયો હોવાનું એનસીઆરબીનો રીપોર્ટ જણાવે છે. આ રીપોર્ટ અનુસાર ક્રાઇમ રેટ (દર એક લાખની વસ્તીએ કેસની સંખ્યા) ગુજરાતમાં ૦.૧ છે. જે ૨૦૧૯ના ૦ની સરખામણીમાં વધી છે. બેંક ફ્રોડના કુલ કેસ ૨૦૧૯ના ૨૬ની સામે ૨૦૨૦માં વધીને ૬૦ એટલે કે ડબલથી પણ વધારે થયા છે. તો ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડને પણ ગણત્રીમાં લેવામાં આવે તો ફ્રોડ કેસ ૪૭માંથી ૬૧ આ સમયગાળામાં થયા છે. બેકિંગ ક્ષેત્રના એક સૂત્ર અનુસાર આ કેસોમાં ડીજીટલ, નોન ડીજીટલ ફ્રોડ ઉપરાંત એટીએમ મશીનમાં કેસ લાડિંગ કરનાર થર્ડ પાર્ટી એજન્સી, કાર્ડ સ્કીમીંગના કેશ, ડેબીટ કાર્ડ પીન સંબંધી કેસ વગેરેનો સમાવેશ થાય છે.



## લોકડાઉનના વર્ષમાં ગુજરાતમાં ગુનાખોરી વધીને થઇ બમણીઃ એનસીઆરબીનો રીપોર્ટ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૬: ૨૦૨૦માં કોરોના મહામારીના કારણે લગાવાયેલ લોકડાઉનમાં ઇન્ડીયન પીનલ કોડ હેઠળના ગુનાના કેસ ૨૦૧૯ના ૧.૩૯ લાખ કેસની સરખામણીમાં બમણા એટલે કે ૩.૮૧ લાખ થયાનું નોંધાયું છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરો (એન સી આરબી)ના આંકડાઓ અનુસાર, ૨૦૨૦માં ગુજરાતમાં સૌથી વધારે ચાર્જશીટીંગ રેટ ૯૭.૧ ટકાનો છે. આખા દેશના રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી ઉંચો છે. સીનીયર પોલિસ અધિકારીઓએ કહ્યું કે ૨૦૨૦માં ક્રિમીનલ ઓફેન્સમાં ઉછાળો માર્ચથી જૂન વચ્ચે અને પછી નાઇટ કર્ફયુ દરમ્યાન કડક પોલિસ કાર્યવાહીના કારણે આવ્યો છે. રેગ્યુલર ક્રિમીનલ ગુનાઓ સિવાયના આઇપીસી હેઠળના ગુનાઓમાં મોટા ભાગના કેસ આઇપીસી સેકશન ૧૮૮ (સરકારી અધિકારી દ્વારા બહાર પડાયેલ નોટીફીકેશનનો અનાદર, ૨૬૯ (ખતરનાક રોગના ફેલાવામાં બેદરકારી અથવા ગેરકાયદે કાર્ય) હેઠળ નોંધાયા હોવાનું અધિકારીએ કહ્યું હતું.




એનસીઆરબીના ડેટા અનુસાર, આઇપીસી સેકશન ૧૮૮ હેઠળ ૨.૨૭ લાખ એફઆઇઆર નોંધાઇ હતી. જેનો અર્થ એ છે કે આઇપીસી હેઠળના અન્ય ગુનાઓ ગત વર્ષની સરખામણીમાં એટલા નથી વધ્યા.

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી,તા.૧૬: નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરો ના ગઇ કાલે જારી આંકડા અનુસાર, ભારતમાં ૨૦૨૦માં દરરોજ ૮૦ હત્યાઓ થઈ અને કુલ ૨૯૧૯૩ લોકોના કત્લ થયા છે. આ મામલામાં રાજયોની યાદીમાં ઉત્તમર પ્રદેશ અવ્વલ સ્થાન પર છે. આંકડા અનુસાર ૨૦૧૯ના તુલનામાં હત્યાના મામલામાં એક ટકાનો વધારો થયો છે. ૨૦૧૯માં દરરોજ ૭૯ હત્યાઓ થઈ અને ૨૮,૯૧૫ કત્લ થયા હતા.

તો અપહરણના મામલામાં ૨૦૧૯ના તુલનામાં ૨૦૨૦માં ૧૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રી ગૃહ મંત્રાલય હેઠળ આવનાર એનસીઆરબીના આંકડા જણાવે છે કે ૨૦૨૦માં અપહરણના ૮૪૮૦૫ કેસ નોંધાયા, જયારે ૨૦૧૯માં ૧,૦૫,૦૩૬ કેસ નોંધાયા હતા. આંકડા અનુસાર ૨૦૨૦માં ઉત્તર પ્રદેશમાં હત્યાના ૩૭૭૯ કેસ નોંધાયા હતા. ત્યારબાદ બિહારમાં હત્યાના ૩૧૫૦, મહારાષ્ચ્રમાં ૨૧૬૩, મધ્ય પ્રદેશમાં ૨૧૦૧ અને પશ્ચિમ બંગાળમાં ૧૯૪૮ કેસ નોંધાયા હતા.

દિલ્હીમાં ૨૦૨૦માં હત્યાના ૪૭૨ કેસ નોંધાયા હતા. પાછલા વર્ષે રાષ્ટ્રીય રાજધાની સહિત દેશભરમાં કોવિડ-૧૯ના કારણે લોકડાઉન લાગૂ કરવામાં આવ્યું હતું. એનસીઆરબીના આંકડા અનુસાર પાછલા વર્ષે જે લોકોની હત્યા થઈ તેમાં ૩૮.૫ ટકા ૩૦-૪૫ વર્ષ ઉંમર સમૂહના હતા જયારે ૩૫.૯ ટકા ૧૮-૩૦ વર્ષ ઉંમર વર્ગના હતા.

## કોરોનાના કહેર વચ્ચે દેશમાં ક્રાઈમ ૨૮% વધ્યા

આંકડા જણાવે છે કે હત્યા કરવામાં આવેલા લોકોમાં ૧૬.૪ ટકા ૪૫-૬૦ વર્ષની ઉંમર વર્ગના હતા તથા ચાર ટકા ૬૦ વર્ષથી વધુ ઉંમરના જયારે બાકી રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો (એનસીઆરબી) એ બુધવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૦૨૦માં બળાત્કારના દરરોજ એવરેજ આશરે ૭૭ કેસ નોંધાયા હતા. પાછલા વર્ષે દુષ્કર્મના કુલ ૨૮૦૪૬ કેસ નોંધાયા હતા. દેશમાં આ સમયે સૌથી વધુ કેસ રાજસ્થાન અને બીજા સ્થાને ઉત્તર પ્રદેશમાં નોંધાયા હતા.

NCRB એ કહ્યું કે ગયા વર્ષે દેશભરમાં મહિલાઓ સામે ગુનાના કુલ ૩,૭૧,૫૦૩ કેસ નોંધાયા હતા જે ૨૦૧૯ માં ૪,૦૫,૩૨૬ અને ૨૦૧૮ માં ૩,૭૮,૨૩૬ હતા. એનસીઆરબીના આંકડા મુજબ, ૨૦૨૦ માં મહિલાઓ વિરુદઘના ગુનાના કેસોમાંથી ૨૮,૦૪૬ બળાત્કાર થયા હતા, જેમાં ૨૮,૧૫૩ પીડિત છે. ગયા વર્ષે કોવિડ -૧૯ ને કારણે લોકડાઉન લાદવામાં આવ્યું હતું.

આંકડા જણાવે છે કે ૨૦૨૦માં અપહરણના સૌથી વધુ ૧૨૯૧૩ કેસ ઉત્તર પ્રદેશમાં નોંધાયા હતા. ત્યારબાદ પશ્ચિમ બંગાળમાં અપહરણના ૯૩૦૯, મહારાષ્ટ્રમાં ૮૧૦૩, બિહારમાં ૭૮૮૯, મધ્ય પ્રદેશમાં ૭૩૨૦ કેસ નોંધાયા હતા. આંકડા અનુસાર રાષ્ટ્રીય રાજધાનીમાં અપહરણના ૪૦૬૨ કેસ નોંધાયા હતા. એનસીઆરબીએ કહ્યું કે, દેશમાં અપહરણના ૮૪,૮૦૫ કેસમાં ૮૮,૫૯૦ પીડિત હતા. તેમણે જણાવ્યું કે, તેમાં મોટાભાગના એટલે કે ૫૬,૫૯૧ પીડિત બાળકો હતા.

ગૃહમંત્રાલયના અહેવાલ પ્રમાણે આઈપીસીની સેકશન ૧૮૮ હેઠળ નોંધાતા કેસમાં તોતિંગ વધારો થયો હતો. સરકારી અધિકારીઓ અને સરકાર દ્વારા અપાતા આદેશો, પ્રતિબંધો અને લાગુ કરાતા નિયમોના ભંગ બદલ આ કલમ હેઠળ કેસ લાગુ કરવામાં આવે છે. ૨૦૧૯માં આ કલમ હેઠળ ૨૯,૪૬૯ કેસ નોંધાયા હતા જે ૨૦૨૦માં વધીને ૬,૧૨,૧૭૯ પહોંચી ગયા હતા. તેવી જ રીતે આઈપીસીની અન્ય કલમો હેઠળ નોંધાતા કેસ જે ૨૦૧૯માં ૨,૫૨,૨૬૮ હતા તે ૨૦૨૦માં વધીને ૧૦,૬૨,૩૯૯ થઈ ગયા હતા. આ દરમિયાન કોવિડ નિયંત્રણો અને નિયમોનો સૌથી વધારે ભંગ કરવામાં આવ્યો છે. એનસીઆરબીના અહેવાલ પ્રમાણે બાળકો અને મહિલાઓ સામેના કેસમાં પણ વધારો નોંધાયો હતો. તેમ છતાં મહિલાઓ સામેના કેસ છેલ્લાં બે વર્ષમાં સરેરાશ ઘટયા છે. બાળકો સામેના કેસ ઘણા વધ્યા છે. આ યાદીમાં ઉત્તર પ્રદેશ ૧૭,૦૦૮ કેસ સાથે ટોચના સ્થાને છે. ત્યારબાદ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ આવે છે. બીજી તરફ એવું પણ સામે આવ્યું છે કે, આંકડાની દષ્ટિએ ભલે યુપી મોખરે હોય પણ સરેરાશ ગુનાખોરી બાળકો સામે પશ્ચિમ બંગાળમાં વધી છે. અહીંયા ૨૦૨૦માં બાળકો સામેના ગુનાના ૧૦,૨૪૮ કેસ નોંધાયા હતા. ૨૦૨૦નો આ આંકડો ૬૩ ટકા ઉછાળો દર્શાવે છે. ત્યારબાદ તામિલનાડુમાં ૪૪ ટકાનો વધારો થયો છે જે ૨૦૨૦માં બીજા ક્રમનો સૌથી મોટો વધારો છે.

## યુપી હત્યાઓમાં અવ્વલ : રાજસ્થાનમાં સૌથી વધુ રેપ

કેન્દ્રીય અહેવાલો પ્રમાણે દેશમાં દરરોજ ૭૭ જેટલા બળાત્કારના કેસ નોંધવામાં આવે છે. ગત વર્ષે દેશમાં કુલ ૨૮,૦૪૬ બળાત્કારના કેસ નોંધાયા હતા. તેમાં રાજસ્થાન ટોચના સ્થાને છે જયારે ઉત્તમરપ્રદેશ બીજા ક્રમે રહ્યું હતું. બળાત્કાર પીડિતાઓમાં ૨૫,૪૯૮ પુખ્ત છે જયારે ૨,૬૫૫ સગીર છે.



## જામનગર-કાલાવડ હાઈ-વે છેલ્લા બે દિવસથી બંધઃ હાઈ-વે પર મોટા મોટા ગાબડાં

### હાઈ-વેને ફરીથી કાર્યરત કરવા માટે નેશનલ હાઈ-વે ઓથોરિટીએ રિપેર કરવાનું કામ શરૂ કરી દીધું

(એજન્સી સમાચાર)

જામનગરઃતા.૧૬ જામનગરમાં વરસાદે મચાવેલી તબાહીને કારણે અન્ય ગામો અને શહેરોને જામનગર સાથે જોડતા અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે.આવો જ એક જામનગર-કાલાવડ હાઈ-વે પણ છેલ્લા બે દિવસથી બંધ છે. વરસાદને કારણે હાઈ-વે પર મોટા મોટા ગાબડાં પડી ગયા હોવાથી રસ્તા ઉપરથી માત્ર નાના વાહનો જ નીકળી શકે છે. મોટા વાહનોને હાઈ-વે પર ચાલવાનો પ્રતિબંધ છે, જેને કારણે અનેક મુસાફરોને હાલાકી પડી રહી છે.જોકે ખરાબ થયેલા હાઈ-વેને ફરીથી કાર્યરત કરવા માટે નેશનલ હાઈ-વે ઓથોરિટીએ હાઈ-વેને રિપેર કરવાનું કામ શરૂ કરી દીધું છે. હાઈ-વે ઓથોરિટીના અધિકારીઓએ જણાવ્યા મુજબ હાઈ-વે સાંજથી ફરી રાબેતા મુજબ કાર્યરત થઈ જશે.

જામનગરમાં પૂરના પાણી તો ઓસરી રહ્યા છે, પરંતુ હાલાકી ઓસરવાનું નામ નથી લઇ રહી છે.જેમ જેમ પૂરના પાણી ઓસરી રહ્યા છે તેમ તેમ તારાજીના વરવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.જિલ્લાના અનેક ગામોમાં પૂરના પાણી, સર્વસ્વ તાણીને લઇ ગયા ક્યાંક ઘર,, તો ક્યાંક ઘરવખરી.બધુ જ પાણીમાં તણાઇ ગયું.અનેક પરિવારોના માથેથી આશરો છીનવાયો છે, તો ખેતરોમાં ઉભો પાક નષ્ટ બન્યો છે.

અનેક રસ્તાઓ અને પુલ ધોવાઇ ગયા છે.તો હવે જીંદગીની ગાડી ક્યારે પાટા પર આવશે તે સવાલ જિલ્લાના ગ્રામજનોની ચિંતા વધારી રહ્યો છેજોકે સરકાર ભલે સર્વે દ્વારા સહાયની વાત કરે,પરંતુ હકિકત એ પણ છે કે અહીં હજુ સુધી સર્વે માટે કોઇ જ ટીમ પહોંચી નથી. ગ્રામજનો માગ કરી રહ્યા છે કે સરકાર વહેલી તકે સર્વે કરાવીને સહાય કરે. (૯.૪)



## અમદાવાદથી ગુજરાત કવીન અને મુંબઇ સેન્ટ્રલ ગુજરાત એકસપ્રેસ ફરી દોડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૬ અમદાવાદ-મુંબઇ સેન્ટ્રલ ગુજરાત એકસપ્રેસ અને અમદાવાદ-વલસાડ-ગુજરાત કવીન સ્પેશ્યલ ટ્રેનોને ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ટ્રેન નં. ૦૯૦૧૨ અને ટ્રેન નં. ૦૯૦૧૧ અમદાવાદ-મુંબઇ સેન્ટ્રલ ગુજરાત એકસપ્રેસ ટ્રેન નં. ૦૯૦૧૨ અમદાવાદ-મુંબઇ સેન્ટ્રલ ગુજરાત એકસપ્રેસ ૨૦ સપ્ટેમ્બરથી નવી સુચના ન મળે ત્યાં સુધી દરરોજ અમદાવાદથી સવારે ૭.૦૦ વાગ્યે ઉપડી બપોરે ૩.૫૫ વાગ્યે મુંબઇ સેન્ટ્રલ પહોંચશે. આવી જ રીતે ટ્રેન નં. ૦૯૦૧૧ મુંબઇ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત એકસપ્રેસ ૨૧ સપ્ટેમ્બરથી નવી સુચના સુધી દરરોજ સવારે ૫.૪૫ વાગ્યે ઉપડી બપોરે ૨.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

ટ્રેન નં. ૦૯૧૩૬ અમદાવાદ-વલસાડ ગુજરાત કવીન સ્પેશ્યલ ૨૧ સપ્ટેમ્બરથી નવી સુચના સુધી અમદાવાદથી દરરોજ સાંજે ૬.૧૦ વાગ્યે ઉપડી રાત્રે ૧૨.૪૦ વાગ્યે વલસાડ પહોંચશે. આવી જ રીતે ટ્રેન નં.



૦૯૧૩૫ વલસાડ-અમદાવાદ ગુજરાત કવીન સ્પેશ્યલ ૨૨ સપ્ટેમ્બરથી નવી સુચના સુધી દરરોજ વલસાડથી સવારે ૪.૦૫ વાગ્યે ઉપડી સવારે ૧૦.૨૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

## એસ.ટી. કર્મચારીઓનાં આંદોલન કાર્યક્રમમાં ફેરફાર : હવે તા.૨૨ ને બદલે ૮ ઓકટો.થી હડતાલ

### આજથી તા.૨૪ સુધી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરશે. તા.૪ થી ૭ ઘંટનાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૬ એસ.ટી. નિગમનાં હજારો કર્મચારીઓનાં પડતર પ્રશ્નો અંગે એસ.ટી.કર્મચારીઓનાં ત્રણ યુનિયનોની બનેલી સંકલન સમિતિએ આંદોલનનું એલાન કર્યુ છે. જેમાં, વર્તમાન વરસાદી પરીસ્થિતિ અને રાજકીય ગરમાવાની સ્થિતિને ધ્યાને લઈ સંકલન સમિતિએ હડતાલનું એલાન પાછુ ઠેલ્યુ છે. અને લડતનાં કાર્યક્રમોમાં ફેરફાર ર્ક્યા છે. આ અંગે એસ.ટી.ની સંકલન સમિતિનાં જણાવ્યા મુજબ હાલમાં ગુજરાતની રાજકીય પરિસ્થિતિ અને રાજયમાં પડેલ અતિભારે વરસાદને કારણે સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિ થયેલ છે અને ભારે તારાજી સર્જાઈ છે, આ તમામ બાબતોને ધ્યાને લઈ આંદોલનનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જે મુજબ હવે આજ તા.૧૬-૦૯ થી તા.૨૪-૦૯ સુધી કર્મચારીઓ કાળીપટ્ટી ધારણ કરી પોતાની ફરજો બજાવશે તથા તા.૨૭-૦૯ અને તા.૦૧-૧૦ સુધી નિગમના તમામ કર્મચારીઓ રીશેષ સમય દરમ્યાન સ્વયંભૂ રીતે જોડાઈને સુત્રોચ્ચાર કરશે. તેમજ તા.૪-૧૦ થી તા.૦૭-૧૦ સુધી નિગમના તમામ કર્મચારીઓ રીશેષ સમય દરમ્યાન સ્વયંભુ રીતે જોડાઈને ઘંટનાદ કરશે અને તા.૭-૧૦ની મધ્યરાત્રી ૦૦-૦૦ કલાકથી એટલે કે તા.૦૮-૧૦-૨૦૨૧ના રોજ નિગમના તમામ કર્મચારીઓ સ્વયંભૂ રીતે માસ સી.એલ. ઉપર જશે અને આમ છતાં કર્મચારીઓના પ્રશ્નોનો નિકાલ ન આવવાની પરિસ્થિતિએ કર્મચારીઓ અચોક્કસ મુદત સુધી સ્વયંભૂ રીતે માસ સી.એલ. ઉપર રહેશે.



## સુરજકરાડીઃ ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશન દ્વારા લેખિત ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ઓખા તા.૧૭ ઓખામંડળ તાલુકાના સૌથી છેલ્લા ગામ ઓખા ખાતે આવેલા પી.જી.વી.સી.એલ ના ધાંધિયા વિશે તો કઈ કહેવા જેવું જ નથી કારણ કે અવારનવાર આ શાખા પોતાની નબળી કામગીરીને કારણે વિવાદોમાં ઘેરાયેલી જ રહે છે. ક્યારેક વીજળીના ધાંધિયા તો ક્યારેક નિર્દોષ પશુઓના મોતના બનાવો તો બનતા જ રહે છે. આ વખતે પણ તેના ધાંધિયા એટલે વધી ગયા છે કે સુરજકરાડીમાં આવેલા ગ્રેઇન મર્ચન્ટ એસોસિએશન દ્વારા જામનગર લાલ બંગલા સામે આવેલી પી.જી.વી.સી.એલ.ની હેડ ઓફિસે એક લેખિત ફરિયાદ કરવામાં આવી છે. (૪.૧૩)

## ભારતીય કોસ્ટગાર્ડે ઝડપી પાડેલી પાકિસ્તાની બોટના ૧૨ ખલાસીઓની સુરક્ષા એજન્સીઓ દ્વારા પુછપરછ

## આજી ડેમ અને બેડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭ આજે મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ અધિકારીઓ સાથે આજી ડેમ અને બેડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરી હતી. હાલ આજી ડેમમાં ૨૮ ફૂટ પાણી ભરેલ છે.

કમિશનરએ ડેમની ક્ષમતા, ઉપલબ્ધ જળ રાશી, તેમજ હવે આગામી સમયમાં ડેમ ઓવરફ્લો થાય એમ છે ત્યારે નીચાણવાળાં વિસ્તારોને એલર્ટ મોડ પર રાખવા વગેરે બાબતો અંગે ચર્ચા કરી હતી. કમિશનરએ બેડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરી સમગ્ર પ્લાન્ટ કઈ રીતે કાર્ય કરે છે તેની વિગતો મેળવી હતી તેમજ તેમની ઉપસ્થિતિમાં પ્રાપ્ત થયેલ પાણી અને શુધ્ધ થયેલ પાણીની વિગતો મ્યુનિ. કમિશનરએ મેળવી હતી.(૪.૧૩)




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/



સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.



૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.


ઓલ ઈન્ડિયા બ્રાહ્મણ મહિલા સેવા સંગઠન દ્વારા

## શહેર, ન.પા. માં વોર્ડવાઈઝ બ્રહ્મસમાજનાં પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રીની નિમણુંક

### આગામી દિવસોમાં ૧૧ બટુકોને જનોઈ સહિતનાં વિવિધ કાર્યક્રમો યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬ ઓલ ઈન્ડીયા બ્રાહ્મણ મહિલા સેવા સંગઠન દ્વારા દરેક શહેર અને નગરપાલિકામાં વોર્ડવાઈઝ બ્રહ્મસમાજના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રીની નિમણુંક કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ, ભાવનગર, બરોડા, અમદાવાદ, જામનગર, વેરાવળ-સોમનાથ, મોરબી, વાંકાનેર, સુલતાનપુર, સુરતના તમામ વોર્ડમાં બ્રહ્મસમાજની વોર્ડવાઈઝ કમિટિની રચના કરવામાં આવેલ છે. આવતા દિવસોમાં ૧૧ બટુકોને જનોઈ, વિધવાઓને પેન્શન, દાદાઓ- દીકરીના લગ્ન, જીવનસાથી સંમેલન ૨૦૨૧ માં સરકારની મંજુરી પ્રમાણે, માસ્ક સાથે સોશિયલ ડિન્ટન્સ મુજબ કરવામાં આવશે.

આખા ગુજરાતમાંથી કુલ ૧,૬૦૦ મહિલા જોડાયા છે. દરેકને વોર્ડવાઈઝ નિમણુંક પત્ર મળી જશે. ગુજરાત બ્રહ્મ મહિલા મંડળની પણ રચના કરવામાં આવેલ છે. જેમાં આયોજન સમિતિ મહિલા સમિતિની રચના કરવામાં આવેલ છે.

શિતલબેન ત્રિવેદી- ઓલ ઈન્ડીયા અધ્યક્ષ, બીનાબેન શુકલ- ગુજરાત પ્રમુખ, હિમાબેન ત્રિવેદી- ગુજરાત મહામંત્રી, જયશ્રીબેન ત્રિવેદી ગુજરાત અધ્યક્ષ, પ્રિયંકાબેન પાઠક- ગુજરાત પ્રમુખ, જોલીબેન ભટ્ટ, અમદાવાદ- ગુજરાત પ્રદેશ પ્રમુખ પલ્લવીબેન દવે, જામનગર- પ્રમુખ, ભાર્ગવીબેન ભટ્ટ, રાજકોટ પ્રમુખ કિરણબેન જોષી પ્રમુખ, રાજકોટ વોર્ડ માધવીબેન જોષી- વોર્ડ, આરતીબેન પંડયા- વોર્ડનં. ૬, માર્કેટ પાર્ડ, રાજકોટ મીનાબેન જોષી વોર્ડ પ્રમુખ, જયશ્રીબેન જોષી, વોર્ડ પ્રમુખ, બીનાબેન ભંડારી, વોર્ડ-૧ પ્રમુખ મીનાક્ષીબેન ભટ્ટ- ઓલ ઈન્ડીયા ઉપાધ્યક્ષ હેતલબેન રાવલ, પ્રમુખ -રાજકોટ વોર્ડનં. ૧૮, દેવીકાબેન ઠાકર- પ્રમુખ જામનગર.

કોઇપણ બ્રહ્મસમાજનાં વ્યક્તિને સાથે જોડાવું હોય તો ફ્રી માં જોડાય શકે છે. જે.ડી.ઉપાધ્યાયઃ ૯૮૨૪૯ ૧૩૧૮૬/ ૯૭૨૩૪ ૧૩૧૮૬ સંપર્ક કરવો. તેમ ઓલ ઈન્ડિયા બ્રાહ્મણ મહિલા સેવા સંગઠનની યાદીમાં જણાવ્યું છે.(૭.૧૨)

## તંત્રી સ્થાનેથી...

### ભારતે વ્યુહ બદલવો પડશે : ચીન– પાક ઉપરાંત અફઘાનથી ચેતીને ચાલવું પડશે!

અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ સુધી ડેરા- તંબુ તાણેલા અમેરિકાએ અબજો રૂપિયા ખર્ચ કર્યા, અબજો રૂપિયાના હથિયારોનો ગંજ ખડકી દીધો, તો સેંકડોની સંખ્યામાં પોતાના લશ્કરી જવાનોના મોત બાદ આખરે અફઘાનિસ્તાન અને તેમાં વસતી પ્રજાને એકલી અટૂલી છોડી દઈને પોતાના ઘરે નીચી મૂંડીએ પરત ફરવું પડયું.તેમજ કોઈ રાજકીય સંગઠન કે દેશ નહીં પરંતુ આતંકવાદીઓથી હાર ખમવી પડી જે કારણે વિશ્વભરમાં તેની બદનામી થઈ. તેની આબરુનું ધોવાણ થઈ ગયું છે એમ કહીએ તો ખોટું નથી! અમેરિકાને હાર ખાવી પડે તેનું કારણ તેની પોતાની ભૂલ છે. અમેરિકા પાકિસ્તાનની ચાલને સમજ્યા વગર સહાય કરવા સાથે પંપાળતું રહ્યું હતું. પાકે. ચીન સાથે સંબંધો વધારી ચીનને ભારતના પાકિસ્તાન કબજા હેઠળના ''પોક''માં બંધ બાંધવાનું કાર્ય સોંપ્યું છતા અમેરિકાની આંખ ઉઘડી નહીં અને આખરે તાલિબાનો અફઘાનિસ્તાનમાં ઘૂસી ગયા બાદ પંજશીરમાં કબજો કરવા જતાં ભારે પડી ગયું. ત્યારે પાકિસ્તાને પોતાના ડ્રોન મોકલી પંજશીર પર હુમલો કરી તાલિબાનોને સહાય કરી ત્યારે તાલિબાનોનો કબજો પંજશીર પર થઈ શક્યો. બીજી તરફ પાકિસ્તાનની જાસૂસી સંસ્થાના વડા અફઘાનિસ્તાન પહોંચી ગયા અને તાલિબાનોના જૂથો વચ્ચે ખટરાગ થયો હતો તેમાં સમાધાન કરાવી સરકારની રચના કરાવી ત્યારે અમેરિકાને જાણ થઈ.. પણ મોડું થઈ ગયું હતું અને અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકારે આકરા શરિયત કાનૂન લાગુ કરી દીધા. ત્યાંની પ્રજામાં હોહા મચી ગઈ છે અને સરકારની વિરુદ્ધમાં દેખાવ કરનાર મહિલાઓ પર તાલિબાનોએ ગોળીઓ ચલાવી. તો બીજી તરફ કેટલાય લોકોને વિરોધી સમજીને જાહેરમાં ગોળીએ દીધા અને ત્રાસ ગુજારવાનું શરૂ કરી દીધું છે. જેને કારણે અફઘાનમાં ફસાયેલા લોકો દેશ છોડી ભાગી ગયા છે તો કેટલાક ભાગવાનો મોકો શોધી રહ્યાં છે. બીજી તરફ વિશ્વના દેશો માત્ર ચિંતા વ્યક્ત કર્યા કરે છે પરંતુ કોઈ દેશ તાલિબાનોને કાંઈ જ કહેવા તૈયાર નથી!!

અમેરિકાએ અફઘાનિસ્તાન છોડી. દેતા ચીનને ફાયદો થવાનો છે.ચીન- અમેરિકા વચ્ચે વેપાર સ્પર્ધા ચાલે છે. આ સમયમાં એક તરફ પાકિસ્તાન તાલિબાન સરકાર સાથે બેસી ગયું છે તો તેની સાથે તેનું મિત્ર ચીન પણ ઘુસી ગયું છે. પાકિસ્તાનનો સ્વાર્થ તાલીબાનો ની સહાયથી કાશ્મીર પર હુમલો કરવાનું છે. જેથી ભારત સરકારી વ્યૂહ રચના બદલવી પડશે. શરૂઆતના તબક્કે તાલિબાની નેતા ભારતે કરેલી મદદનો ઉલ્લેખ કરી આભાર માનતા હાતા આને હવે તેઓમાંના તાલિબાનીઓ કાશ્મીર બાબતે પાકિસ્તાનને ટેકો આપવાની વાત કરી રહ્યા છે. જે ભારત માટે ચિંતાની બાબત છે. જ્યારે કે ચીને અફઘાનિસ્તાન સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો તેની પાછળ અફઘાનિસ્તાનમાં મળી આવતા ખનિજ લિથીયમના ભંડારો પર જામેલી છે. જેવી રીતે ભારતના પાક.કબજા હેઠળના પોક વિસ્તારમાં મળતાં યુરેનિયમ પર છે તે રીતે..પરંતુ હવે અફઘાનમા તાલીબાનો નું શાસન આવતા ભારતે પાકિસ્તાન-ચીન સાથે હવે અફઘાનિસ્તાનથી રહેવું પડશે તેમા પણ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ તાલિબાની આતંકવાદીઓથુ સંબંધો ધરાવતી હોવાથી ભારતે સવિશેષ કાશ્મીર સરહદ પર નજર રાખવી પડશે!

# રાજકોટમાં કુહાડીના ઘા ઝીંકતા યુવકનું મોતઃ ઘટના સીસીટીવીમાં કેદ





### હત્યારાઓથી છૂટીને ભાગેલો યુવક ગેરેજ પાસે ઢળી પડ્યો : ત્રણ શખ્સ શંકાના દાયરામાં

### શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ફોર્ચ્યુન હોટેલ પાછળ આશ્રય ગ્રીનસીટી નજીક બનેલી ઘટના

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

શહેરમાં હત્યાનો વધુ એક બનાવ બન્યો હતો. ૧૫૦ ફૂટ રિંગ રોડ પરની આશ્રય ગ્રીનસિટી નજીક એક યુવક ઇજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો, તેને ગળાના ભાગે કુહાડાનો ઘા ઝીંકવામાં આવ્યો હતો, યુવાન હોસ્પિટલે પહોંચે તે પહેલા જ તેનું મોત નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. જે યુવકની હત્યા થઇ હતી તે યુવકે સાંજે ૫ વાગ્યે તેના વતન બલરામપુર ઓનલાઇન રૂ.૫ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા અને રાત્રે ૯ વાગ્યે તેનું કાસળ કાઢી નાખવામાં આવ્યું હતું. ત્રણ શખ્સ શંકાના દાયરામાં આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ફોર્ચ્યુન હોટેલ પાછળ આશ્રય ગ્રીનસિટી ગેટ-૨ પાસે આવેલા ગેરેજ નજીક એક યુવક રાત્રીના ૯ વાગ્યે દોડતો દોડતો આવ્યો હતો અને કાર સાથે અથડાઇને ઢળી પડ્યો હતો. રાહદારી મહિલાઓ યુવકની સ્થિતિ જોઇ બૂમાબૂમ કરવા લાગતાં ગેરેજમાં કામ કરી રહેલા સાવન ચૌહાણ બહાર દોડી આવ્યા હતા. અંદાજે 30 વર્ષના યુવકને ગળાના ભાગે ઊંડો ઘા જોવા મળ્યો હતો અને લોહી વહેતું હતું. સાવન ચૌહાણે ફોન કરતાં ૧૦૮ દોડી આવી હતી અને યુવકને હોસ્પિટલમાં ખસેડાયો હતો જોકે સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ ધોળા અને ક્રાઇમ બ્રાંચનો કાફલો દોડી ગયો હતો. મૃતકના ખિસ્સામાંથી મવડી વિસ્તારમાં આવેલા શિવમ મોબાઇલ નામની દુકાનનું એક બિલ મળી આવ્યું હતું, પોલીસે આ અંગે તપાસ કરતાં મૃતક યુવકે સાંજે ૫ વાગ્યે તેના વતન બલરામપુરમાં તેના પરિવારજનને રૂ.૫ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરાવ્યા હતા, પોલીસે ઘટનાસ્થળ તેમજ આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં યુવક જ્યાં ઢળી પડ્યો હતો. તેની આગળની શેરીમાંથી તે દોડતો દોડતો આવ્યો હતો અને તે શેરીમાં ત્રણ શખ્સ દોડીને ભાગતા નજરે પડ્યા હતા યુવકની હત્યામાં તે ત્રણ અજાણ્યા શખ્સની સંડોવણીની શંકા સેવાઇ રહી છે. પરપ્રાંતીય યુવકની ઓળખ મળ્યા બાદ હત્યા સુધી દોરી જતી કોઇ કડી મળવાની પોલીસને આશા છે. જેની હત્યા થઇ તે યુવક ઉત્તરપ્રદેશના બલરામપુરનો હોવાનું પોલીસનો પ્રાથમિક અંદાજ છે તેમજ હત્યારાઓ પણ પરપ્રાંતીય હોવાની શંકા સેવાઇ રહી છે. યુવકની હત્યા કર્યા બાદ પરપ્રાંતીય આરોપીઓ તેના વતન કે અન્ય કોઇ સ્થળે ભાગી જાય તેવી શંકાએ પોલીસે ઘટનાની જાણ થતાં જ રેલવે સ્ટેશન અને બસ સ્ટેશને ટુકડીઓ દોડાવી હતી તેમજ શહેરને જોડતા હાઇ-વે પર પણ પરપ્રાંતીયોની તપાસ શરૂ કરવામાં આવી હતી.(૯.૧૩)

## રાણપુર તાલુકાના ઉમરાળાથી અમલપુર વચ્ચે ગોમા નદીના પટમાં બેફામ ખનીજ ચોરી

### બોટાદના જાગૃત નાગરિક દ્વારા રાણપુરના મામલતદારોને ઉગ્ર રજૂઆત : પગલાની માંગ



બોટાદ, તા. ૧૬

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ઉમરાળા ગામે ઉમરાળાથી અમલપુર વચ્ચે ગોમા નદીના પટમાં ગેરકાયદેસર ખનીજ ચોરી પુષ્કળ માત્રામાં થઇ રહી છે.

ખનીજ ચોરી કરતાં શખ્સોને રંગે હાથ ઝડપી લેવા બોટાદના જાગૃત નાગરિક રાજેશભાઇ સાકરીયાએ મામલતદાર (રાણપુર)ને આવેદનપત્ર પાઠવેલ છે.

વધુમાં જણાવાયું છે કે આ અંગે અનેકવાર મૌખિક રજુઆત કરવામાં આવી છે. ખનીજચોરો સામે પગલા ભરવામાં ન આવતા તેઓ બેફામ બની ગયા છે. આ અંગે તત્કાલ પગલા ભરવા જાગૃત નાગરિકે જણાવેલ છે.(૯.૧૩)

## PSI બનવા ફિઝિકલ પ્રેક્ટિસ કરતાં યુવકનું હૃદય બેસી જતા મોતઃ પરિવારમાં શોક

### PSIની ભરતીમાં ૨૫ મિનિટમાં ૫ કિ.મી.માં દોડ પુરી કરવા માટે યુવક તૈયારી કરતો હતો





(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં આજે સવારે રેસકોર્સ ગ્રાઉન્ડ પર PSI બનવા ફિઝિકલ પ્રેક્ટિસ કરતા ૨૪ વર્ષીય ભાવેશ મકવાણાનું રનિંગ દરમિયાન હૃદય બેસી જતાં ઘટના સ્થળે જ મોત થયું છે.

PSIની ભરતીમાં ૨૫ મિનિટમાં ૫ કિ.મી.માં દોડ પુરી કરવા માટે ભાવેશ તૈયારી કરતો હતો પરંતુ PSI બને તે પહેલા જ તેને કાળ ભરખી ગયો હતો. મૃતકના પરિવારને આ બનાવની જાણ થતાં પરિવારમાં શોકનું મોજ ફરી વળ્યું હતું.

શહેરના પોપટપરા વિસ્તારમાં રહેતા અને PSIની બનવાની તૈયારી કરતા ભાવેશનો મૃતદેહ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેના ૧૦૦થી વધુ મિત્રો ઉમટી પડ્યા હતા.

મિત્રોના મતે ભાવેશ દરરોજ ફિઝિકલ પ્રેક્ટિસ કરવા માટે રેસકોર્સ ગ્રાઉન્ડ પર જતો હતો અને ઓછી મિનિટોમાં વધુ રાઉન્ડ પુર્ણ કરવા માટે ભાવેશ વધુ સ્પીડમાં રનિંગ કરતો હતો. આ દુઃખદ ઘટનાની જાણ થતા પરિવારજનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે એકઠા થયા હતા અને કલ્પાંત ભર્યા દ્રશ્યો સર્જાયા હતા.(૯.૧૩)

## શાપર-વેરાવળમાં જુગારના બે દરોડાઃ આઠ પતાપ્રેમીઓ ઝડપાયા



રાજકોટ તા. ૧૬

શાપર-વેરાવળ પોલીસે બે સ્થળે જુગારના દરોડા પાડી જુગાર રમતા ૮ પતાપ્રેમીઓને ઝડપી લીધા હતાં.

શાપર – વેરાવળમાં દુર વેરાવળ, ખોડીયાર મંદિરની બાજુમાં બાલાજી એપાર્ટમેન્ટ વાળી શેરીમાં જાહેરમાં જૂગાર રમતો હોવાની બાતમી મળતા પીએસઆઇ કુલદીપસિંહ ગોહીલના માર્ગદર્શન હેઠળ અશ્વિનભાઇ એમ. મકવાણા સહિતના સ્ટાફે રેઇડ કરી જૂગાર રમતા (૧) રમેશ બચુભાઇ ફલીયા રહે. હાલ ઇનોવેટીવ કાસ્ટીંગ કારખાનાની ઓરડીમાં વેરાવળ, (૨) હસમુખ દુર્લભભાઇ સંચાણીયા રહે. વેરાવળ રામજી મંદિર પાસે, (૩) સંજય બાબુભાઇ જીજુવાડીયા રહે. વેરાવળ, પંચાયતનગર વાળી શેરી (૪) શૈલેષ રવિભાઇ મોરી રહે. વેરાવળ, શાંતિધામ ગેટ-૨, શેરી નં. ૨૨ ને રોકડા રૂ. ૧૦૬૨૦ અને ગંજીપતા સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

બીજા દરોડોમાં શાપર ગામથી ઢોલરા ગામ જવાના રસ્તે આવેલ વિશ્વાસ સીટીના કોમ્પ્લેક્ષના પાર્કીંગમાં જાહેરમાં જૂગાર રમતા (૧) રમેશ રવજીભાઇ ગજેરા જાતે. પટેલ ઉ.૪૨ રહે. શાપર વિશ્વાસ સીટી કે બીલ્ડીંગ ફ્લેટ નં. ૩૦૬, (૨) નીશાંત કુરજીભાઇ તન્ના રહે. શાપર વિશ્વાસ સીટી એન બીલ્ડીંગ ફ્લેટ નં. ૨૦૧, (૩) રાજેન્દ્ર જયેન્દ્રભાઇ લુકા રહે. વિશ્વાસ સીટી એન બીલ્ડીંગ ફ્લેટ નં. ૩૦૩ તથા (૪) મનોજ દડુભાઇ ખુમાણી વીંગ રહે. વેરાવળ (શા) રામજી મંદિર પાસે ને રોકડા રૂ. ૧૫૨૦૦ અને ગંજીપતા સાથે હેડ કો. રોહિતભાઇ બકોત્રાએ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.(૯.૧૩)

## ઉપલેટાના ગણોદ પાસે ત્રીપલ સવારી બાઇક સાથે ભેંસ અથડાતા યુવાનનું મોત

### અન્યને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

ઉપલેટા તા. ૧૬

ઉપલેટા તાલુકાના ગણોદ ગામના પાટીયા પાસે નેશનલ હાઈ-વે પર ત્રીપલ સવારી મોટરસાયકલ સાથે ભેંસ ટકરાતા એક યુવકનુ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય બે યુવાનોને ઇજા થતાં તેઓને ઉપલેટાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ઉપલેટાના ગણોદ ગામના પાટીયા પાસે ત્રીપલ સવાર મોટરસાયકલ સાથે ભેંસ ટકરાતા મોટરસાયકલ સવાર યોગેશ મંગાભાઈ વાઘેલા ઉ.વ.૨૩ (રહે ગણોદ) નામના યુવકને માથામાં ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતુ. જ્યારે ગણોદ ગામના ભરત સોમાભાઈ દેગામા (ઉ.વ. ૨૭) અને નિલાખા ગામના રમેશ ધમભાઈ સિંહોરા ઉ.વ.૨૩ નામના બંને યુવકો ઈજાગ્રસ્ત થતા બંનેને ૧૦૮ મારફત ઉપલેટા ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા આ અંગે વધુ તપાસ ઉપલેટા પોલીસ ચલાવી રહી છે.(૯.૧૩)

## માંડા ડુંગર પાસે યુવક પર હુમલો

### શખ્સોએ બાઇકના આગલા વ્હીલમાં પાઇપ ફટકાર્યા પછી પર્સ લૂંટી ગયાનો આક્ષેપ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ તા. ૧૬

આજીડેમથી આગળ માંડા ડુંગર પાસે પીઠડઆઇ સોસાયટીમાં રહેતાં અને ડ્રાઇવિંગ કરી ગુજરાન ચલાવતાં હમીરભાઇ ઘોહાભાઇ પરાલીયા (કોળી) (ઉ.વ.૪૫) રાત્રીના સાડા બારેક વાગ્યે કામેથી ઘર તરફ જઇ રહ્યા હતાં ત્યારે રસ્તામાં આરતી સોસાયટી પાસે પાંચ જેટલા શખ્સોએ પાઇપથી હુમલો કરતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે આજીડેમ પોલીસને જાણ કરી હતી. હમીરભાઇએ આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે પોતે રાતે ડ્રાઇવિંગ કામ પુરૂ કરી બાઇક પર ઘરે જતા હતાં ત્યારે રસ્તામાં આરતી સોસાયટી પાસે છબો, સુનિયો અને ત્રણ અજાણ્યાએ બાઇકના આગલા વ્હીલમાં પાઇપ ફટકારી બાઇક ઉભુ રખાવ્યું હતું અને બાદમાં પોતાની પાસે જે હોય તે આપી દેવા કહેતાં ન આપતાં પોતાને વાંસામાં પાઇપના બે ઘા ફટકારી ખિસ્સામાંથી પર્સ કાઢી બધા ભાગી ગયા હતાં. પર્સમાં નવ હજાર રોકડા, આધાર કાર્ડની કોપી, ડ્રાઇવિંગ લાયસન્સની કોપી સહિતના કાગળો હતાં. પોલીસે આક્ષેપો અંગે તપાસ હાથ ધરી છે.(૯.૧૩)



## કાલાવડમાં યુવકે ઝેરી દવા પી લીધીઃ મોત





**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૧૬

કાલાવડ તાલુકાના ભગેડી ગામમાં રહેતા અનિલભાઇ ગીજુભાઇ મકવાણા(ઉ.વ.૩૨) ગત રોજ બપોરના પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જે બાદ તેને પ્રથમ કાલાવડ અને વધુ સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તપાસીને તેને મૃત જાહેર કર્યા હતા. અનિલભાઇનું મોત થતા પરિવાર શોકમાં ગરકાવ થયો હતો. જે અંગે સિવિલ ચોકીના સ્ટાફે કાલાવડ પોલીસને જાણ કરતા તેના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી હતી.(૯.૧૩)

## વાંકાનેરના વોરાવાડમાં યુવાનને વ્યાજખોરોએ માર મારતા આપઘાતનો પ્રયાસ

### ૮૦ હજારના દોઢ લાખ વસુલી લીધા



મોરબી તા ૧૬

વાંકાનેરના વોરાવાડમાં રહેતા યુવાનને તેના ભંગારના ધંધામાં પૈસાની જરૂર હતી જેથી કરીને તે છએક મહિના પહેલા આરોપી પાસેથી ૮૦ હજાર રૂપિયા વ્યાજે લીધા હતા જેની સામે આરોપી દ્વારા યુવાન પાસેથી દોઢ લાખની ઉઘરાણી કરી માર મારી ફિનાઇલ પી લેતા તેને સારવારમાં ખસેડાયો હતો. પોલીસે ભરવાડપરામાં રહેતા બે શખ્સો સામે મનીલેન્ડ, મારા મારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને આરોપીને પકડવા માટે ચક્રોગતિમાન કરેલ છે.

બનાવની જાણવા મળતી માહિતી મુજબ વોરાવાડમાં નવાપરામાં જે.કે. ટેઇલર્સ સામે રહેતા મુસ્તુફાભાઇ શબીરભાઇ નોકડ વોરા (ઉ.૨૪)એ હાલમાં અનિલ બુટાભાઇ લામકા તથા ધના મોનાભાઇ લામકા રહે, બંન્ને ભરવાડપરાની સામે ફરિયાદ નોંધાવી છે જેમાં તે જણાવ્યું છે કે, તેને પોતાના ભંગારના ધંધામાં પૈસાની જરૂર હતી. જેથી તેને આરોપી અનિલ પાસેથી છ મહિના પહેલા ૮૦,૦૦૦ વ્યાજે લિધેલ હતા તે પૈસાની ઉંચા વ્યાજ સાથે ૧,૫૦,૦૦૦ ની પઠાણી ઉઘરાણી કરી હતી.

જો કે, તેને પૈસા આપવાની ના પાડતા આરોપીઓએ યુવાનના ઘર પાસે આવીને માર માર્યો હતો જેથી કંટાળીને યુવાને ફીનાઇલ પી લેતા તેને સારવારમાં ખસેડાયો હતો.

હાલમાં તેની ફરિયાદના આધારે પોલીસે આઇ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એ કલમ ૧૩૫ તથા મનીલેન્ડ એકટ કલમ -૫, ૪૦, ૪૨ મુજબ ગુનો નોંધીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે.(૯.૧૩)

## જૂનાગઢના બંગાળી વેપારી સાથે રૂા.૧.૫૬ કરોડનો વિશ્વાસઘાત

જૂનાગઢ, તા. ૧૬

જૂનાગઢના બંગાળી વેપારીને બંગાળના જ શખ્સોએ વિશ્વાસમાં લઇ ધંધાના કામ સબબ રોકડ, સોનાના દાગીના, બેન્ક એકાઉન્ટ સહિત કુલ રૂા. ૧,૫૬,૨૬૦૦૦ ઉછીના લઇ પરત ન આપી વિશ્વાસઘાત, છેતરપીંડી થયાની બે શખ્સો સામે ગઇકાલે ફરીયાદ એ ડીવીઝન પોલીસમાં નોંધાઇ છે.

આ અંગે એ ડીવીઝન પોલીસમાંથી મળતી વિગત મુજબ મુળ પશ્ચિમ બંગાળ મેહનીપુર જીલ્લાના તાલુકાના ખાંજાપુર ગામના રહીશ હાલ જૂનાગઢ ગંધ્રપવાડામાં રાધે મકાનમાં રહેતા બંગાળી દીપુભાઇ ખુદીરામ પાસે વર્ષ ૨૦૧૯ના ફેબ્રુઆરી માસથી એપ્રિલ ત્રણ માસમાં આરોપીઓ કેસ્ટોદાસ રે. સોધપુર, ઇન્દ્રાનગર કોલકતા, સમ્રાટ અધિકારી રે. ગામ મોધધામ ગ્રામ મસુલા મંદાપુર બારાસત થાના બંને શખ્સોએ ફરીયાદી દીપુભાઇ ખુદીરામ બેરા બંગાળીને વિશ્વાસમાં લઇ ધંધાના કામ સબબ સાહેદની હાજરીમાં આ બંને આરોપીઓએ રોકડ રૂપિયા, સોનાના દાગીના, બેન્ક એકાઉન્ટમાં જમા કરેલ રૂપિયા સહિત ૧,૫૬,૨૬૦૦૦ અલગ અલગ સમયે હાથ ઉછીના આપ્યા હતા.

જે આ રકમ દીપુભાઇ બંગાળીને પરત ન આપતા ગઇકાલે એ ડીવીઝનના આરોપીઓ સામે નોંધાતા પીએસઆઇ એ.કે.પરમારે તપાસ હાથ ધરી છે.(૯.૧૩)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા–કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

OM CATRERS
Best Food For All Occasion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

## જામનગરના ગુજસીટોક કેસમાં

# વકીલ સહિત ૫ આરોપીઓની ડિફોલ્ટ બેઈલ રદ કરતી હાઈકોર્ટ

## રાજકોટ સેશન્સ કોર્ટે તમામ આરોપીઓની ડિફોલ્ટ બેઈલ રદ કરતા ચુકાદાને હાઈકોર્ટની બહાલી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

રાજકોટની સ્પેશ્યલ ગુજસીટોક અદાલતે જામનગરના ભુમાફીયા જયેશ પટેલના ૫- સાગરીતોએ રજુ કરેલ ડિફોલ્ટ બેઈલ રદ કરતા ચુકાદાને આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ જે અરજીઓ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તા જસ્ટીસ ગીતા ગોપીએ માન્ય રાખી ડિફોલ્ટ બેઈલની અરજીઓ રદ કરેલ છે.

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, જામનગરના ભુમાફીયા જયેશ પટેલના સાગરીતો યશપાલ જાડેજા, જશપાલ જાડેજા, જીગર આડતીયા, વકિલ વસંતભાઈ માનસતા અને નિલેશ ટોળીયાએ રાજકોટની ખાસ ગુજસીટોક અદાલતમા ડિફોલ્ટ બેઈલના સિધ્ધાંત હેઠળ જામીન અરજીઓ રજુ કરેલ હતી. પોતાની અરજીના સમર્થનમા આરોપીઓએ ફિલ્મ સ્ટાર સંજય દતના કેસમાં સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ ડિફોલ્ટ બેઈલ ઉપર આધાર રાખેલ હતો.

આ અરજી રાજકોટની ખાસ અદાલતે રદ કરતા આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં ડિફોલ્ટ બેઈલની અરજી રજુ કરેલ હતી. રાજકોટની અદાલતમાં જામનગરના કેસ માટે સ્પે. પી. પી. નિમાયેલ એસ.કે.વોરાએ રજુઆત કરતા જણાવેલ હતું કે, સુપ્રિમ કોર્ટે ફિલ્મ સ્ટાર સજય દતના કેસમાં પોલીસ તપાસની સમય મર્યાદા પુરી થયા બાદ પુરોગામી અસરથી સમય મર્યાદાનો વધારો માગેલ હતો. તે સંજોગોમાં નામ, સુપ્રિમ કોર્ટે આરોપીને નોટીસ આપ્યા બાદ નિર્ણય કરવાનો ચુકાદો આપેલ હતો. જામનગરના હાલના કેસમાં તપાસનીશ અમલદારે ૯૦ દિવસની સમય મર્યાદા પુરી થતા પહેલા વધુ ૯૦- દિવસનો વધારો સમયસર માગી લીધેલ છે. આ સંજોગોમાં પોલીસ તપાસનો સમય વધારો કરી આપતા પહેલા આરોપીઓને નોટીસ કરવાનો સુપ્રિમ કોર્ટનો સંજય દતવાળા કેસનો ચુકાદો હાલના કેસમાં લાગુ પડતો નથી. આ કારણે પોલીસ તપાસ સમય મર્યાદામાં પુરી થયેલ ન હોવાથી આરોપીને વૈધાનિક રીતે ડીફોલ્ટ બેઈલ મળી જવાની જોગવાઈ હાલના આરોપીઓના કેસમાં મદદરૂપ થતી નથી. આ તમામ ૨ જુઆતો સાથે નામ. ખાસ અદાલતે સહમતી દર્શાવી આપીઓની ડીફોલ્ટ બેઈલની અરજી રદ કરેલ હતી.

જામનગરના ૧૬- આરોપીઓ પૈકી ઉપરોકત ૫- આરોપીઓએ કરેલ ડિફોલ્ટ બેઈલ રદ થતા ગુજરાત હાઈકોર્ટમાં રાજકોટની ખાસ અદાલતના ચુકાદાને પડકારેલ હતો.

ગુજરાત સરકાર વતી ગુજરાત હાઈકોર્ટમાં પબ્લીક પ્રોસીકયુટર મિતેશ અમીનએ રાજકોટની ખાસ અદાલતમાં કરવામાં આવેલ રજુઆતોને ધ્યાનમાં લઈ સજય દતનો ચુકાદો જામનગરના આરોપીઓને લાગુ પડતો ન હોવાની રજુઆતોનો પુનરોચાર કરી આરોપીઓની ડીફોલ્ટ બેઈલની અરજી રદ કરવા દલીલો કરેલ હતી જે નામ. ગુજરાત હાઈકોર્ટે માન્ય રાખી જામીન અરજીઓ રદ કરેલ છે.

જામનગરના જયેશ પટેલ અને તેના સાગરીતોના કેસમાં રાજકોટ ખાતે સ્પે. પી.પી. તરીકે સંજયભાઈ કે. વોરા રોકાયેલ છે અને નામ. ગુજરાત હાઈકોર્ટમાં પબ્લીક પ્રોસીકયુટર તરીકે મિતેશ અમીન રોકાયેલ છે.(૧.૧૨)

# વીરપુર બસ સ્ટેશનમાં વરસાદી પાણી પડતા યાત્રિકો મુશ્કેલી મુકાયા



(અમારા પ્રતિનિધિ દ્વારા)

વીરપુર, તા.૧૬

સૌરાષ્ટ્રનું યાત્રાધામ વીરપુર કે જ્યાં પૂજ્ય જલારામબાપાની જગ્યામાં દરરોજ હજારો યાત્રાળુઓ દર્શન માટે આવતા હોય છે, પરંતુ યાત્રાધામ વીરપુરના એસટી બસ સ્ટેન્ડને લઈને યાત્રાળુઓને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે વીરપુરમાં આવેલ એસટી બસ સ્ટેન્ડ હાલ નવું બની રહ્યું છે જેમને લઈને એસટી તંત્ર દ્વારા એક હંગામી પતરાનું છાપરા જેવું બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવ્યું છે.

પરંતુ હાલ ચોમાસાની ઋતુ હોવાથી સામાન્ય વરસાદમાં પણ બનાવેલ બસ સ્ટેન્ડમાં વરસાદી પાણી ભરાય છે તેમજ યાત્રિકો ઉપર વરસાદી પાણી પડે છે જેમને લઈને વીરપુર એસટી બસમાં મુસાફરી કરતા યાત્રિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તો બીજી તરફ વીરપુરના આજુબાજુના ગામડાઓમાંથી અપડાઉન કરતા વિદ્યાર્થીઓને પણ ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે તો યાત્રાળુઓ માટે ટોઇલેટ કે ઉરિયલમાં સાફ સફાઈ કે પાણીની સુવિધાઓ પણ વીરપુરના એસટી બસ સ્ટેન્ડમાં ન હોવાથી વીરપુરના સરપંચ દ્વારા એસટી તંત્ર પાસે યાત્રાળુઓ માટે તેમજ વિદ્યાર્થીઓ માટે સત્વરે સુવિધાઓ તેમજ ચોમાસામાં વરસાદી પાણી ન ભરાય તેવી માંગ કરવામાં આવી રહી છે.

તેમજ વીરપુરના નવા બનતા બસ સ્ટેન્ડના બાંધકામમાં ભ્રષ્ટાચારના પણ વીરપુર સરપંચ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે.(૭.૧૬)

## 'આપ'ના નેતા ઈસુદાન ગઢવી દ્વારા



# રાજકોટમાં અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ રાશનકિટનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

ગત તા.૧૩ ના રોજ ભારે વરસાદના કારણે જામનગર જિલ્લામાં થયેલ તારાજીમાં આમ આદમી પાર્ટી દ્વારા પુર ગ્રસ્ત વિસ્તારની મુલાકાતે પ્રદેશ નેતા ઈસુદાનભાઈ ગઢવીની મુલાકાત દરમ્યાન ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી સૌરાષ્ટ્ર ઈસ્ટ ઝોનના અજીતભાઈ લોખીલની સુચનાથી રાજકોટ અને શહેર અને જિલ્લા ટીમના કાર્યકરો દ્વારા ૩૪૬ રાશન કીટ લઈ અને આપ નેતા ઈસુદાનભાઈ ગઢવી સાથે અસરગ્રસ્ત ગામોમાં ફરી અને જાત માહિતી મેળવી અને જરૂરીયાતમંદ લોકોને રાશનકીટનું વિતરણ કરવામાં આવેલ. આ રાશનકીટ બનાવવાની કામગીરીમાં રાજકોટ શહેરના પદાધીકારીઓ તેમજ વિવિધ મોરચાઓ અને વોર્ડ કાર્યકરોએ જહેમત ઉઠાવેલ હતી. તે બાબતની રાજકોટ શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદી જણાવે છે.(૭.૧૨)

## ગુજરાત રાજયની ટીમમાં લોકગીત સ્પર્ધામાં

# જસદણના બરવાળા પ્રા.શાળાના શિક્ષક દિલીપ સોયાની પસંદગી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૧૬



જસદણના બરવાળા પ્રાથમિક શાળાના શિક્ષક દિલીપભાઈ સોયા (ગઢવી) ની પસંદગી ભારત સરકારના કેન્દ્રીય મુલ્કી સેવા અને ક્રીડા સંસ્થાન નવી દિલ્હીના ઉપક્રમે અખિલ ભારતીય મુલકી સેવા ગીત સંગીત અને નૃત્ય સ્પર્ધા ૨૦૨૧માં ગુજરાત રાજ્યની ટીમમા લોકગીત સ્પર્ધામા થયેલ છે તેઓ આગામી તારીખ ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે નવી દિલ્હી ખાતે જશે.(૭.૧૬)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## માંગરોળની નોળી નદીના કાઢે આવેલ કામનાથ મંદિરમાં અનેરો નજારો

જળાભિષેક કરે છે અને બાદમાં પોતાના માર્ગ પર આગળ વધે છે દર ચોમાસાની જેમ આ ચોમાસામાં પણ પ્રથમ ઘોડાપુરની સ્થિતિ સર્જાતા નદી કામનાથ મહાદેવના ચરણોમાં શિષ જુકાવવા અને જળાભિષેક કરવા મંદિરમાં પાણી ઘુસ્યા હતા મહાદેવ શિવલિંગ પાણીમાં સ્નાન કરતું હોય તેવા અલભ્ય દ્રશ્યો પણ મંદિરમાં સર્જાયા હતા આ અલભ્ય નજારો માત્ર ચોમાસામાં જ જોવા મળતો હોય છે ભક્તો પણ કુદરતની આ લીલાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.(૭.૧૬)

## વિવિધ સ્થળોએ મોબાઈલ વાહન દ્વારા વેક્સિનેશન

કોવીશિલ્ડ રસી પ્રથમ ડોઝ લીધા બાદ ૨૮ દિવસ થઇ ગયા હોય તેવા નાગરિકોને બીજો ડોઝ આપવામાં આવે છે. જયારે કોવીશિલ્ડ જે નાગરિકોએ પ્રથમ ડોઝ લીધો હોય તેવા નાગરિકોને ૮૪ દિવસ થઇ ગયા હોય તેવા તમામ નાગરિકોને બીજો ડોઝ આપવામાં આવી રહ્યો છે. શહેરના નગરજનોને વેક્સિન લેવા ડો.પ્રદિપ ડવ, ડે.મેયર, ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા તથા આરોગ્ય સમિતિ ચેરમેન ડો.રાજેશ્રીબેન ડોડીયા દ્વારા અપીલ કરવામાં આવેલ છે.(૧.૧૨)


## હોટલ–રેસ્ટોરન્ટમાંથી વાસી ડુંગળી શાકભાજી, સડેલા બટાટાનો નાશ કરાયો

આવેલ જલારામ ચાઇનીઝ પંજાબીમાંથી વાસી ફૂગવાળી ડુંગળી ૪ કિ.ગ્રા., પાન કાસામાં ફોઝન વેજીસ્ટીક એક્સ્પાયર કિ.ગ્રા., સાસુજી કા ઢાબામાંથી પલળેલી ડુંગળી ૪ કિ.ગ્રા, ઢાબા જંકશનમાંથી પલળેલી ફૂગવાળી ડુંગળી ૧૦ કિ.ગ્રા,ખરાબ થયેલ બટાટા ૪ કિ.ગ્રા. સદ્દગુરુ રેસ્ટોરન્ટમાં પલળેલી ફૂગવાળી ડુંગળી ૧૦ કિ.ગ્રા, સડેલા બટાટા ૨૦ કિ.ગ્રા, અફલાતુન પાઉંભાજી પલળેલી ફૂગવાળી ડુંગળી ૪ કિ.ગ્રા, વિજય આમલેટ વેસ્ટ બ્રેડ ૧ કિ.ગ્રા. અને ઓમ ફેમીલી રેસ્ટોરન્ટમાંથી વાસી શાકભાજી ૧૦ કિ.ગ્રા. નો સ્થળ પર નાશ કરાયો હોવાનું મનપાની ફૂડ શાખા દ્વારા જણાવ્યું છે.(૧.૧૨)

# દામનગરની વિવિધ સમસ્યા અંગે મનીષ ગાંધીની ધારાસભ્ય ઠુંમરને રજૂઆત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

દામનગર, તા.૧૬



દામનગર શહેરની વિવિધ સમસ્યા અંગે મનીષ ગાંધીની ધારાસભ્ય ઠુંમરને ધારદાર રજૂઆત શહેરની વિવિધ સમસ્યા ઉકેલોની માંગથી ધારાસભ્ય ઠુંમરે તેમના મતવિસ્તાર દામનગર શહેરની વિવિધ સમસ્યાની વિગતે જે તે કચેરીને લગત પ્રશ્નો આગામી તાલુકા સંકલન સમિતિમાં લેવા પ્રાંત સહિતની સબંધ કરતી કચેરીઓમાં લેખિત રજૂઆતો મોકલી. તેમજ દામનગર નવું બસ સ્ટેન્ડ બન્યા પછી ઓનલાઇન બુકીગ હાલ બંધ છે દામનગરથી પસાર થતી બસમાં પણ બુકિંગ થઈ શકતું નથી તેમજ વિદ્યાર્થીઓને પણ પાસ કઢાવવા માટે હજુ પણ લાઠી અમરેલી જવું પડે છે તેમજ દામનગરથી બેસવા માટે પિકઅપ પોઇટ પણ અપાયો નથી. તેના શું કારણો છે ?

દામનગરની પોસ્ટ ઓફિસમાં આધાર કેન્દ્ર હોવા છતા આધાર કાર્ડ કઢાવવા કે સુધારા - વધારા કરવાની કામગીરી હાલ બંધ છે તેના શું કારણ છે કે કેટલા સમયમાં આવી મહત્વની કામગીરી પુનઃ શરૂ કરવામાં આવશે ? આવકના દાખલા માટે દામનગર તેમજ આજુબાજુના નાના ગામના લોકોને ખુબ જ મુશ્કેલી પડે છે આવકના દાખલા માટે દામનગર અને આજુબાજુના ગામલોકોને લાઠી જવું પડે છે જેના કારણે લોકોને આર્થિક ખર્ચ અને સમયનો વ્યય થાય છે તેથી જો આવકના દાખલાની કામગીરી માટે મામલતદાર અઠવાડીયાના એક - બે દિવસ દામનગરને ફાળવે તો દામનગર અને આજુબાજુના નાના ગામના લોકોને આ તકલીફમાંથી કાયમી છુટકારો મળી શકે તેમ છે.

તાલુકા સંકલન સમિતિમાં આ પ્રશ્ને લેખિત રજુઆત કરી દામનગરમાં સીટી સર્વેની ઓફિસ હોવા છતાં નિયમિત ચાલુ રહેતી ન હોવાને કારણે આવી કામગીરી મટે આમ જનતાને લાઠી ધક્કા ખાવા પડે છે. આ કચેરીમાં કાયમી નિયમિત અધિકારી હાજર રહે તેવી લોકમાંગણી ઉઠી છે સીટી સર્વે કચેરીનું બિલ્ડીંગ એકદમ જર્જરીત હાલતમાં છે તેને રીપેરીંગ કરવા અથવા અન્ય સ્થળોતર કરવાની તાતી જરૂરીયાત જેનો ત્વરીત નિવારણ લાવવા આ પ્રશ્નને આગામી તાલુકા સંકલન સમિતિમાં રજૂ કરી યોગ્ય નિકાલની માંગ કરાય છે.(૭.૧૬)

# કેશોદ તાલુકામાં બે દિવસમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૬

## ઘેડ પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈઃ ચાર જગ્યાએ નદીના પાળા તુટયા

કેશોદ તાલુકામાં ચોમાસાની શરૂઆતથી મેઘરાજાના આગમનથી એક અઠવાડિયા પહેલા મૌસમનો કુલ ૬૨૧ મીમી વરસાદ નોંધાયો હતો ત્યાર બાદ છેલ્લાં ત્રણ દિવસમાં ૨૭૩ મીમી વરસાદ નોંધાયો છે. કેશોદ તાલુકામાં છેલ્લા બે દિવસમાં અગીયાર ઈંચ જેટલો વરસાદ થતાં તેમજ ઉપરવાસમાં ભારે વરસાદથી ચેકડેમો છલકાતા ડેમના બારા ખોલતા ઘેડ પંથકમાં પાણી આવતા ઘેડ પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે કેશોદ તાલુકાના બાલાગામ ગામે બે તથા બામણાસા ગામે ચાર જગ્યાએ નદીના પાળા તુટતા હજારો વિઘા જમીનોમાં નુકશાની સાથે પાણી ભરાયાછે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી હાલમાં સાબળી નદીનો એક દરવાજો એક ફુટ ખોલવામાં આવ્યો છે.

કેશોદ તાલુકાના કેવદ્રા ગામે વરસાદના કારણે કાચુ મકાન ધરાશયી થયાનો બનાવ બન્યોછે સદનસીબે કોઈ જાનહાનિ થયેલ નથી.

હાલ મેઘરાજાએ વિરામ લીધોછે પણ હજુ ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે ત્યારે વધુ વરસાદ થશે તો ઘેડ પંથકની વિકટ પરિસ્થિતિ ઉભી થશે ત્યારે તંત્ર દ્વારા આગમચેતીના ભાગરૂપે પૂર્ણ તૈયારીઓ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.(૭.૧૬)

## ભારતના પ્રથમ એન્જિનિયર ડો.મોક્ષગુંદમ વિશ્વેશરિયાના જન્મદિવસ નિમિતે

# ગાંધીનગર ખાતે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓના રિયલ ટાઈમ બિઝનેસ રિલેટેડ પ્રોજેકટનું પ્રદર્શન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર, તા.૧૬



ભારત રત્ન ડો. મોક્ષગુંદમ વિશ્વેશરિયા ભારતના પ્રથમ એન્જિનિયરનો જન્મ દિવસ જેની ખાસ ઉજવણી બાબતે સ્વામિનારાયણ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી ભાટ ગાંધીનગર ખાતે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓના રિયલ ટાઇમ બિઝનેસ રિલેટેડ પ્રોજેક્ટનું પ્રદર્શન રાખવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓને સમાજમાં જીવન સરળ બને અને ઓછી મહેનતથી વધુ કામ થઈ શકાય તેવા નવીતમ પ્રોજેક્ટ મોડલ અને આઈડિયા પોસ્ટર સાથે રજૂ કરવામાં આવ્યા વિદ્યાર્થીઓને બિરદાવવા માટે અમદાવાદના મેયર કિરીટ પરમાર તેમજ શૈલેષ મહેતા મેનેજિંગ ડાયરેક્ટર મહેતા કેડ/કેમ પ્રાઇવેટ લિમિટેડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.સંસ્થાના ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામી અને અક્ષર પ્રકાશ સ્વામીએ વધુમાં જણાવ્યું કે સંસ્થાના ડાયરેક્ટર ધર્મેશ વંડરા અને એમની ટીમના સહયોગથી ગુજરાત સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ પોલીસીનું ઇંક્યુબેસન સેન્ટર મંજુર થયેલ છે અને એના થકી વિદ્યાર્થીઓને ભાવિ બિઝનેસમેન બનાવવા માટે સંસ્થા અને સ્ટાફ કાર્યરત છે આ સાથે કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સીપાલ ડો. હિતેષ વંડરાએ જણાવ્યું કે આવનાર ઇન્ડસ્ટ્રીયલ ક્રાંતિના સમયમાં ભારતને વૈશ્વિક સુકાન આપવા માટે યુવાનોને અને ટેકનોલોજી થકી બિઝનેસમાં કેવી રીતે આગળ વધવું અને નવી રોજગારી ઉભી કરવી એ અમારો મુખ્ય ધ્યેય છે.(૭.૧૬)

# ગોંડલમાં અતિવૃષ્ટિને કારણે ગામડાના લોકોની ઘરવખરી નુકસાન



## રાજકોટ જિ.પં. ના કારોબારી સમિતિના અધ્યક્ષ અને તેમની ટીમ દ્વારા વ્યવસ્થા કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

સૌરાષ્ટ્રભરમાં મેઘાવી માહોલ મંડાયો છે. ત્યારે છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે અતિવૃષ્ટિનો માહોલ થઇ ગયો હતો. અનેક ગામોમાં બેટ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. રાજકોટ જિલ્લાનાં ગોંડલ તાલુકાનાં ગામડાઓમાં અતિવૃષ્ટિને કારણે ખૂબ નુકશાની થયેલ. જેમાં કોલીથડ આજુબાજુનાં ગામડાઓનાં લોકોની ઘરવખરીને નુકશાન થતા, રાજકોટ જિલ્લા પંચાયતનાં કારોબારી સમિતિનાં અધ્યક્ષ સહદેવસિંહ જાડેજાએ તેમની ટીમ સાથે ગ્રામ્યજનોને નાસ્તા, જમવાની વ્યવસ્થા ગોઠવેલ છે. છેલ્લા ત્રણ દિવસથી અંદાજીત ૪૦૦ થી ૫૦૦ લોકોએ આ વ્યવસ્થાનો લાભ મેળવેલ. આ વ્યવસ્થા કડવા સમાજ બિલ્ડીંગ, હાઈસ્કૂલ બિલ્ડીંગમાં ગોઠવેલ. આ કાર્યમાં કોલીથડ ગામના સરપંચ ગોપાલભાઈ સાવલીયા, માર્કેટિંગ યાર્ડનાં ડિરેક્ટર રમેશભાઈ સાવલીયા, યુવાનો સ્ત્રીઓ પણ આ કાર્યમાં સહભાગી બનેલ હતા.(૧૫.૧૨)

## જૂનાગઢ જિલ્લાના ઘેડ પંથકમાં વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાનનું સમીક્ષા કરતા

# ધારાસભ્ય હર્ષદ રીબડીયા અને જિલ્લા કિશાન કોંગ્રેસના ચેરમેન મનીષ નંદાણીયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જુનાગઢ, તા.૧૬

છેલ્લા ઘણા દિવસોથી ઘેડ પંથકમા વધું વરસાદ પડવાથી નદીઓમાં ઘણું પાણી આવવાથી ઘેડ પથંકના ખેડૂતોને મોટાં પ્રમાણમાં નુકસાન થયું છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી હવાઈ નિરીક્ષણ કર્યું પણ ઘેડ પથંકમાં હવાઈ નિરીક્ષણ નથી કર્યું ત્યારે વિસાવદર ભેસાણના ખેડૂત પુત્ર ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાને જાણ થતાં તાત્કાલિક ઘેડ પથંકમાં આગેવાનો સાથે મુલાકાત અને જાત નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.

અને ખેડૂતોના ખેતરોમાં તેમજ ગામમાં જઈને નિરીક્ષણ કર્યું હતું. સરકાર પાસે માંગ કરી હતી કે જે ખેડુતોને નુકસાની થય છે અન્ય બીજી કોઇ નુકસાની થય છે તેનું તાત્કાલિક સર્વે કરી રાહત પેકેજ જાહેર કરવામા આવે અને તેને સહાય ચુકવવામાં આવે તેવી માંગ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા એ કરી હતી. આં તકે જૂનાગઢ જિલ્લા કિસાન કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ નદાણીયા, કેશોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશ્વિનભાઈ ખટારિયા, શહેર પ્રમુખ સમીરભાઈ પાચાણી, જૂનાગઢ જિલ્લા વિરોધપક્ષના નેતા હમીરભાઇ ધૂળા, જિલ્લા પંચાયત સદસ્ય ધર્મિષ્ઠાબેન કમાણી, રિધમભાઈ ગોસ્વામી જયદીપભાઈ શીલું તેમજ સરપંચો આગેવાનો ગ્રામજનો જોડાયાં હતા.(૭.૧૬)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## નવા ચહેરા, સાહસીક રાજકીય જૂગારઃ ચૂંટણીઓ વહેલી આવશે?

આવ્યો છે. નવા ચહેરા સાથે નવો રાજકીય પ્રયોગ કરીને ભાજપ મોવડી મંડળે જે રાજકીય સોગઠી મારી છે એ આગામી ચૂંટણીઓમાં ખુબ કારગર નીવડી શકે છે તેવું ભાજપના જાણકાર સુત્રોએ એક મુલાકાતમાં જણાવ્યુ હતું. રાજકીય રીતે ભાજપ અત્યારે કોંગ્રેસને કોઇ મજબૂત હરીફ માનતો નથી. કોંગ્રેસ તરફથી કોઇમોટો કે અસાધારણ પડકાર આવે એવું ભાજપની નેતાગીરી માનતી નથી. આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રીયતા પણ બહુ મોટું નુકસાન કરી શકશે નહીં એવું ભાજપનાં ચકોર વ્યૂહ બાજોનું માનવું છે. ભાજપની નેતાગીરી 'આપ'ને ભાદરવાના ભીંડા સમાન ગણે છે. છતાં તેની પ્રગતિ અને લોકોમાં વધતી જતી લોકપ્રિયતાથી ભાજપ નેતાઓ વધુ સાવધ બન્યા છે અને 'આપ'ને હળવાસથી લઇ રહયા નથી એવું માને છે. એ કારણે જ નવા મંત્રી મંડળમાં અત્યાર સુધી મંત્રી પદમાટે અસ્પૃશ્ય રહેલા નવા વિસ્તારોને કેબિનેટમાં પ્રતિનિધિત્વ આપીને મહત્વનો રાજકીય સંદેશો એ વિસ્તારોને આપવામાં આવ્યો છે. 'આપ'ની વધતી જતી લોકપ્રિયતાને બ્રેક લગાવી શકાશે અને નવા વિસ્તારની ફરીયાદને પણ હદ કરી શકશે. એવું ભાજપની નેતાગીરી માને છે. સૌરાષ્ટ્ર-કચ્છને અગાઉ જેટલો જ પુરેપુરો કવોટા આપવામાં આવ્યો છે. ડ્રોપ કરાયેલા સૌરાષ્ટ્ર-કચ્છના ધારાસભ્યોની સામે જે નવા ચહેરા લેવાયા છે એ પોતાપોતાના વિસ્તારના વગદાર અને લોકપ્રિય નેતાઓ છે. લીમડીના કિરીટસિંહ રાણાનો અહીં ખાસ ઉલ્લેખ કરવો રહયો. એમને કેબિનેટમાં સામેલ કરીને ક્ષત્રિય ચહેરા તરીકે ભાજપે પ્રમોસન આપ્યુ છે એ સ્પષ્ટ બન્યું છે. બીજી તરફ બોલવામાં આકરા જીતુ વાઘાણી, ભુજ-કચ્છના નિમાબેન આચાર્ય, રાજકોટનાં ખુબ જ સક્રિય ધારાસભ્ય અને વહીવટી તંત્ર પાસેથી લોકોના કામો કઢાવવામાં કાબેલ અરવિંદ રૈયાણી, મોરબીના બ્રિજેશ મેરજા અને ધારીના જે.વી.કાકડીયાને સ્થાન આપીને ભાજપે સાહસીક પગલા લઇ સૌરાષ્ટ્રમાં ઉભો થનારો સંભવિત ઉહાપો બિલકુલ દબાવી દીધો છે. કોળી સમાજના વગદાર નેતા કુંવરજીભાઇ બાવળીયાને સ્થાન ન મળતા એમના મત વિસ્તારમાં થોડો અસંતોષ જાગ્યો છે પણ તેની સામે બિજા કોળી નેતા અને કેશોદનાં ધારાસભ્ય દેવાભાઇ માલમને સ્થાન આપીને કોળી સમાજમાં ઉભા થનારી અસંતોષની આગને ઠારી દેવાની કોશીષ કરી દેવામાં આવી છે. સૌથી વધારે ખરાબ હાલત રાજકીય પેરાસુટ ગણાતા અને પક્ષ પલ્ટો કરીને કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા નેતાઓની થઇ છે. એમની હાલત 'બાવાના બેય બગડયા' જેવી થઇ ગઇ છે. મંત્રી પદની ખ્વાઇશ સાથે ભાજપમાં જોડાયેલા અને મંત્રી પદ મેળવી ચૂકેલા આ નેતાઓની સ્થિતિ ન ઘરના કે ન ઘાટના એવી થઇ જવા પામી છે. સરવાળે ભાજપની નેતાગીરીએ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની સલાહ મુજબ મોટા પાયે પરીવર્તન લાવીને આ પરીવર્તનની પાંખ પર સવાર થઇ ગુજરાતમાં સત્તા જાળવી રાખવાનો રાજકીય જૂગાર ખેલ્યો છે. આ કવાયત વહેલી કે સમયસર થનારી ચૂંટણીઓમાં કેટલો રાજકીય લાભ આપી શકે છે એ આવનારો સમય કહી શકે છે.

## ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી– કનૈયા કુમાર કોંગ્રેસમાં જોડાશે?

લડી હતી પણ માત્ર ૧૯ બેઠક મળી હતી.ઉતર ગુજરાતનાં વડગામ વિધાનસભા વિસ્તારમાં અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને ગઈ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે મદદ કરી હતી અને એમની સામે કોઈ ઉમેદવાર ઉભો રહ્યો ન હતો. અત્યારે મેવાણી અને કુમાર બંને કોંગ્રેસનાં નેતાગીરીનાં સંપર્કમાં છે. કોંગ્રેસને લાગે છે કે, યુવાનેતાઓ સિંધિયા, સુસ્મિતા દેવ, જીતીન પ્રસાદ અને પ્રિયંકા ચતુર્વેદી પક્ષ છોડી ગયા છે ત્યારે મેવાણી અને કુમાર જેવા ફાયર બ્રાન્ડ યુવાનેતાઓ આવવાથી કોંગ્રેસને ખૂબ ફાયદો થઇ શકે છે. કુમાર બહુ સારા વક્તા છે. મેવાણી દલિત ચેહરો છે અને આક્રમક નેતા ગણાય છે. ગુજરાતનાં દલિત સમાજમાં એમનું વર્ચસ્વ નોંધ પત્ર રીતે સારું જોવા મળ્યું છે.(૨.૧૨)

## વિશ્વના ૧૦૦ વગદાર નેતાઓમાં મોદી–મમતા બેનર્જી

તેઓ એમના પક્ષ ટી.એમ.સી નું નેતૃત્વ કરતા નથી બલકે તેઓ ખૂદ એક પક્ષ છે. જાત મહેનતે પિતૃ પ્રધાન સમાજમાં આગળ આવેલા મમતા બેનર્જી આક્રમક અને જનજાવતી ક્ષમતા ધરાવે છે. મેગેઝીનમાં સીરમ કંપનીના પુનાવાલાનાં પણ ભરપુર વખાણ કરવામાં આવ્યા છે અને જણાવ્યું છે કે વિશ્વ આખા માટે કોરોના કાળમાં અણીને સમયે તેઓ મદદ માટે મોરચા પર આવ્યા હતા અને વેક્સિનનું સંશોધન કરી વિશ્વને મદદ કરી છે. તેઓ હજુ પણ દેશ અને વિશ્વને વધારે મદદ કરી શકે છે. મેગેઝીને મુલ્લા અબ્દુલગનીને કટરવાદી તાલીબાનો માહેના મધ્યમમાર્ગી નેતા ગણાવ્યા છે.(૨.૧૨)

## જવાહર ચાવડાએ કહયું મને એક ટકો પણ નારાજગી નથી

આવ્યા ત્યારે પણ કોઇ અફસોસ ન હતો અને અત્યારે પણ કોઇ રંજ નથી. આ રીતે ભાજપમાં નો રિપીટ થીયરીને પગલે પડતા મુકાયેલા મંત્રીઓમાં અસંતોષ જાગી ઉઠયાની તમામ અટકળો પર અત્યાર સુધીમાં બે પૂર્વ મંત્રીઓ કુંવરજી બાવળીયા અને ચાવડા પુર્ણવિરામ મુકી ચુકયા છે. અન્ય ડ્રોપ મંત્રીઓની કોઇ પ્રતિક્રિયા હજુ સુધી મળી નથી.

# ગણપતિ ઉત્સવની ધામધુમપુર્વક ઉજવણી કરતા શહેરીજનો

ભૂદેવ સેવા સમિતિ દ્વારા આયોજીત

## રાજકોટ કા મહારાજા ને છપ્પન ભોગ અન્નકોટ ધરાયા

### પી.જી.વી.સી.એલ ના એમ.ડી ડો.ધીમંતકુમાર વ્યાસ પરિવારે મહાઆરતીનો લાભ લીધો




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૬

રાજકોટ કા મહારાજા ગણેશ ઉત્સવમાં સાંજે ૬ થી ૮ વાગ્યે છપ્પન ભોગ અન્નકોટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સાંજથી જ રાજકોટની ધર્મપ્રેમી જનતાએ છપ્પન ભોગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સાંજે ૮ કલાકે ત્રિમૂર્તી બાલાજી હનુમાનજીના ૧૫૦ રીંગ રોડના મહંતીના વરદ્ હસ્તે ગણેશજીની મહાઆરતી કરવામાં આવી હતી.

વૈદિક મંત્રોચ્ચાર સાથે ગણેશ પંડાલમાં આધ્યાત્મિક વાતાવરણ ઉભુ થયું હતુ અને વાતાવરણ ગણપતિમય બન્યું હતું. શાસ્ત્રી જયભાઈ ત્રિવેદી દ્વારા આવેલ મહેમાનોનું ઉપવન પહેરાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથિમાં **P.G.V.C.L.** ના એમ.ડી. ડો. ઘીમંતકુમાર વ્યાસ, બ્રહ્મ ઉદ્યોગપતિ આનંદભાઈ ત્રિવેદી, બ્રહ્મ કર્મચારી પરિવારના સર્વ ડો. રાજુભાઈ ત્રિવેદી, ધનંજયભાઈ દવે, પ્રશાંતભાઈ વ્યાસ, પ્રફુલભાઈ રાજયગુરૂ, નિશાંતભાઈ દવે, મેહુલભાઈ મહેતા, બોલબાલાવાળા જયેશભાઈ ઉપાધ્યાય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ સભ્ય ભરતસિંહ જાડેજા અને ભા.જ.પ. અગ્રણી અનિલભાઈ ત્રિવેદી વગેરેએ મહાઆરતીનો લાભ લીધો હતો.

રાજકોટ કા મહારાજા ગણેશ ઉત્સવમાં છપ્પન ભોગ અન્નકોટ કાર્યક્રમ તથા મહાઆરતીને સફળ બનાવવા ભૂદેવ સેવા સમિતિના સંસ્થાપક તેજસભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ નિશાંત રાવલ, વિશાલ આહ્યા, નીરજ ભટ્ટ, વિશાલ ઉપાધ્યાય, પ્રશાંત ઓઝા, જય પુરોહીત, મયુર વોરા, મીત ભટ્ટ, ગોપાલભાઈ જાની, સંદીપભાઈ પંડયા, પુજન પંડયા, પરાગ મહેતા, ભરતભાઈ દવે, શીરીષભાઈ વ્યાસ, માનવ વ્યાસ, જીગ્નેશ ત્રિવેદી, રાજ દવે, જીજ્ઞેશ પુજારા, પ્રદિપ બોરીસાગર વગેરે એ જહેમત ઉઠાવી હતી.(૭.૧૨)

## શહેર ભાજપ કાર્યાલય બન્યું ગણપતિમય

### ગણપતિ મહારાજની આરતીનો લાભ લેતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, મેયર ડો.પ્રદિપ ડવ સહિતના અગ્રણીઓ જોડાયા હતા

**આજે વોર્ડ નં.૧૩ તથા ૧૪ ના આગેવાન કાર્યકર્તાઓ આરતીનો લાભ લેશે**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેર ભાજપ દ્વારા શહેર ભાજપ કાર્યાલય- સિધ્ધી વિનાયક ધામ ખાતે ગણપતિ મંગલ મહોત્સવનું સાદગીભેર અને ભાવ અને ભકિતપૂર્વક આયોજન કરવામાં આવેલ છે. ત્યારે છઠ્ઠા દિવસે ગણપતિ મહારાજની આરતીનો લાભ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, મેયર ડો. પ્રદિપ ડવએ લીધો હતો. આ તકે વોર્ડનં. ૧૧ માંથી રાજુભાઈ માલધારી, સંજય પીપળીયા, સંજય બોરીચા, વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયા, લીલુબેન જાદવ, ભારતીબેન પાડલીયા, વિજય કોરટા, ભરતભાઈ શીંગાળા, વૈભવ બોરીચા, ફર્નાન્ડીઝ પાડલીયા, છગનભાઈ જાદવ, પ્રવીણભાઈ ઠુંમર, રાજેશ ચાવડા, રાજેશ ખુમાણ, સુનીલ સાગઠીયા, રાજુભાઈ ભટ્ટ, મુળુભાઈ ઓડેદરા, કેતનભાઈ, જેન્તીભાઈ મેઘાણી, પલ્લવીબેન પોપટ, તરંગ રૂપાપરા, રાહુલ પટેલ, રાજ ધામેલીયા તેમજ વોર્ડનં.૧૨ ના પ્રવીણ ઠુંમર, રસીકભાઈ કાવઠીયા, મનસુખભાઈ વેકરીયા, દશરથસિહ જાડેજા, મગનભાઈ સોરઠીયા, અસ્મીતાબેન દેલવાડીયા, મિતલબેન લાઠીયા, યોગરાજસિહ જાડેજા, ધર્મેશ ડોડીયા, મેહુલ જશાણી, રાજભા, કિશન ટીલવા, દશરથસિહ જાડેજા, કિરણબેન હરસોડા, કંચનબેન મારડીયા, સિધ્ધરાજસિંહ, હીનાબેન, મૌલીક દેલવાડીયા, સુરેશ રામાણી, રાજુ ગોંડલીયા, અલ્પાબેન, ચેતન લાઠીયા, હેમેન્દ્રસિંહ, જય ગજજર સાથોસાથ શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, હાર્દીક ગોહીલ, સમીર ખીરા, અમીત માણેક સહિતનાં ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો.

ત્યારે આજે વોર્ડનં. ૧૩ તથા ૧૪ ના કાર્યકર્તાઓ જોડાશે. તેમ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૧૨)

## સર્વેશ્વર ગણપતિ મહોત્સવમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: સર્વેશ્વર ગ્રુપ દ્વારા આ વર્ષે ભવ્ય સર્વેશ્વર ગણપતિ મહોત્સવ - સર્વેશ્વર ચોક, યાજ્ઞિકરોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

દુંદાળા દેવની ભકિત અને આસ્થાપર્વનું આ ગણપતિ મહોત્સવમાં સાતમા દિવસે આમંત્રિત મહેમાનોની સાથે મહાઆરતી કરવામાં આવેલ. અલૌકિક શણગાર સાથે મહારાજ દ્વારા ધૂપ અને દીપની આરતી શરણાઈના શુર સાથે શરૂ કરવામાં આવે છે.

સર્વેશ્વર ચોક ગણપતિ મહોત્સવમાં ગઈકાલે બ્લડ ડોનેશન કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ૬૦ થી વધારે બ્લડની બોટલો એકત્રિત થયેલ જે જરૂરિયાતમંદ દર્દીઓને નાથાણી બ્લડ બેંકના માધ્યમથી આપવામાં આવશે.

આજના મહાઆરતીમાં કશ્યપભાઈ શુકલા ભાવનગરના પ્રભારી નેહલભાઈ શુકલ કોર્પોરેટર તેમજ જોબનપુત્ર પરિવાર અને પોપટ પરિવારના સર્વે મહાનુભાઓએ મહાઆરતીનો લાભ લઈને ભક્તિમય બન્યા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા કેતનભાઈ સાપરિયા, જતિનભાઈ માનસતા, અલાઉદ્દીનભાઈ કારિયાણીયા, કાનભા જાડેજા, રામદેવસિંહ જાડેજા, પરીન રવાણી, રાજુભાઈ નાથવાણી, જગદીશભાઈ પરમાર, પીયુશભાઇ દશાડીયા, અતુલભાઈ કોઠારી, પુષ્પરાજસિંહ જાડેજા, ગુલાબસિંહ જાડેજા, પ્રકાશ પુરોહિત, રાજભા પરમાર, ભરતભાઈ બોદર, ચેનસિંહ ખવડ, પરેશભાઈ ડોડીયા, કુમારભાઈ ચૌહાણ, દીપકભાઈ સાપરિયા, સમીરભાઈ કોઠારી સાથે ૫૦ અન્ય કમિટી મેમ્બર આ આયોજનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૬)

## ઘેલા સોમનાથ મહાદેવ ખાતે ગણેશ મહોત્સવ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** ઘેલાસોમનાથ મહાદેવ ખાતે વહીવટદાર મનુદાદા શીલુ પૂજારી હસુભાઈ જોશી મારફત શિવાલય પર ગણેશજીના સુંદર મૂર્તિ મંત પાઘ કેસરિયા વાઘા મોતી માણેકથી સુંદર શોભવ્યા હતા અહીં પિતા પુત્રના સુંદર શણગાર દર્શન લાખો હરિભક્તોએ કરી ખુશખુશ થયા હતા.(૧.૧૬)

## 'ત્રિકોણ બાગ કા રાજા' ના દરબારમાં આવતીકાલે અખાડાની મહાઓમકાર આરતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: ત્રિકોણ બાગ ચોક ખાતે 'ત્રિકોણ બાગ કા રાજા' નો ૨૨મો જાજરમાન અને ગુજરાતનો વિશાળ ગણપતિ મહોત્સવ વરસાદી માહોલમાં છેલ્લા ૬ દિવસથી ભકિતભાવથી ધામધૂમપૂર્વક ઉજવાય રહ્યો છે.

ત્રિકોણ બાગ કા રાજા ગણપતિ મહોત્સવના આજે ગુરૂવારે રાત્રે ૮-૩૦ વાગ્યે વરદ હસ્તે અને તેમની ટીમના સાજિંદાઓના કર્ણાપ્રિય સંગીતના તાલે સતત એક કલાક અખાડાની મહાઓમકાર આરતી થશે.



ગણપતિ ઉત્સવને સફળ બનાવવામાં ત્રિકોણ બાગ કા રાજા ગણપતિ મહોત્સવના આદ્યસ્થાપક જીમ્મીભાઈ અડવાણીના માર્ગદર્શન હેઠળ તેમના સેવાભાવિ કાર્યકરો ચંદુભાઈ પાટડિયા, જયપાલસિંહ જાડેજા, નિલેશ ચૌહાણ, સંજય ટાંક, રાજન દેસાણી, કિશન સિધ્ધપુરા, બીપીન મકવાણા, નાગજી બાંભવા, કાનાભાઈ સાનિયા, વિમલ નૈયા, વંદન ટાંક, ધવલ કાચા, ધવલ અડવાણી, હાર્દિક વિઠલાણી, સન્ની કોટેચા, કરણ મકવાણા, યોગેન્દ્ર છનિયારા વગેરે જહેમત ઉઠાવી છે.(૧.૧૬)

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અંતર્ગત 'સેવા અને સમર્પણ' હેઠળ

# શહેર ભાજપ દ્વારા વિવિધ સેવાકીય કાર્યોની વણઝાર



### આવતીકાલે સવારે ૮:૩૦ કલાકે રેસકોર્ષ મોહનભાઈ હોલ ખાતે નરેન્દ્રભાઈ મોદીજીનુ વ્યક્તિત્વ અને ક્તૃત્વ ઉજાગર કરતી પ્રદર્શની યોજાશેઃ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૬

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા આવતીકાલે નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અંતર્ગત સેવા અને સમર્પણ હેઠળ વિવિધ સેવાકીય કાર્યોની વણઝાર યોજવામાં આવશે, તે અંતર્ગત આવતીકાલે સવારે ૮-૩૦ કલાકે રેસકોર્ષ આર્ટગેલેરી ખાતે નરેન્દ્રભાઈ મોદીજીનુ વ્યકિતત્વ અને કતૃત્વ ઉજાગર કરતી પ્રદર્શનીનું આયોજન કરવામાં આવેલ છે, જેના ઈન્ચાર્જ તરીકે નિતીન ભુત અને અમિત માણેકને જવાબદારી સોંપવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર એ અનુરોધ કરેલ છે.(૧.૧૬)

**કાર્યક્રમમાં શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યક્ર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરનો અનુરોધ**

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા આવતીકાલે યુવા મોરચા દ્વારા સવારે ૧૦ કલાકે ભોજલરામની વાડી, સંત કબીર રોડ ખાતે વિધાનસભા-૬૮માં રક્તદાન યોજાશે. જેમાં આ કેમ્પમાં ૭૧ બોટલ રક્ત એકત્ર કરવામાં આવશે જેમાં યુવા મોરચાના અગ્રણી હિરેન રાવલ જવાબદારી સંભાળશે. શહેર ભાજપ મહીલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, લીનાબેન રાવલની આગેવાનીમાં મહિલા મોરચા દ્વારા બપોરે ૨થીપ દરમ્યાન તમામ વોર્ડમાં મહિલાઓના પેપસ્મીયર ટેસ્ટનો કાર્યક્રમ ડો.અતુલભાઈ પંડયાની હોસ્પિટલ, કોટેચાનગર ખાતે યોજાશે. તેમજ શહેર ભાજપ ડોકટર સેલ દ્વારા સવારે ૯ કલાકે વોર્ડ નં.૧૨ પ્રાણનાથજી પ્રાથમીક શાળા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે જેમાં ડો. ચેતન લાલસેતા જવાબદારી સંભાળશે. સવારે ૧૧:૩૦ કલાકે કીસાન મોરચા દ્વારા એકરંગ સંસ્થામા ભોજન કરાવાશે. તેમજ સાંજે ૭ કલાકે તમામ વોર્ડના રામમંદીરોમાં શહેર ભાજપ દ્વારા મહાઆરતીનો ગુંજારવ થશે જેમાં તમામ વોર્ડમાં વોર્ડપ્રમુખ જવાબદારી સંભાળશે. તેમજ ભાજપ દ્વારા આવતીલથી તમામ વોર્ડમાં સફાઈ ઝુંબેશ નો વોર્ડ નં.૧,૨ થી પ્રારંભ કરવામાં આવશે. જેની જવાબદારી કેતન પટેલ તથા અશ્વીન પાંભરને સોપવામાં આવેલ છે. તેમ અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની યાદીમાં જણાવેલ છે.તેમજ સાંજે ૭ કલાકે બક્ષીપંચ મોરચા દ્વારા એકરંગ સંસ્થાઓની બાળાઓને નાસ્તો કરાવવામાં આવશે.(૧.૧૬)

શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા તમામ વોર્ડમાં મહિલાઓને વિનામુલ્યે પેપસ્મીયર ટેસ્ટ કરવામાં આવશે.યુવા મોરચા દ્વારા વિધાનસભા ૬૮માં રક્તદાન કેમ્પ યોજાશે.ડોકટર સેલ દ્વારા વોર્ડ.૧૨માં સર્વ રોગ નિદાન કેમ્પ સાંજે ૭ કલાકે તમામ વોર્ડના રામમંદિરમાં મહાઆરતીનો ગુંજારવ,વોર્ડ ૧ અને વોર્ડ.૨ માં સફાઈ ઝુંબેશનો પ્રારંભ, સવારે ૧૧:૩૦ કલાકે કિસાન મોરચા દ્વારા એકરંગ સંસ્થામાં ભોજન

**શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા એકરંગ સંસ્થાની બાળાઓને ભોજન કરાવાશે : ઉદય કાનગડ**

**શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના તમામ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા લલીત વાડોલીયા, જે.પી. ધામેચા, રત્નાભાઈ રબારી**

**શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા સીવીલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરાશે સવારે ૧૧ કલાકે શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલ ખાતે ફ્રુટ વિતરણ : શહેર ભાજપ લઘુમતી મોરચાના તમામ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા આસીફ સલોત, યાકુબભાઈ પઠાણ, વાહીદભાઈ સમા, રાજુભાઈ દલવાણી**

**શહેર ભાજપ અનુ.જાતી મોરચા દ્વારાઆવતીકાલે સવારે ૧૦:૩૦ કલાકે હોમ ફોર બોયઝના બાળકોને ભોજન : શહેર ભાજપ અનુ. જાતી મોરચાના તમામ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા મહેશ રાઠોડ, મહેશ અઘેરા, નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયા**

## મનપા દ્વારા વન ડે ટુ વોર્ડ સફાઈ ઝુંબેશઃ પુષ્કર પટેલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ તથા સેનિટેશન કમિટી ચેરમેન અશ્વિનભાઈ પાંભર એક સંયુકત યાદીમાં જણાવ્યું છે કે, આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વન ડે ટુ વોર્ડ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. આ સફાઈ ઝુંબેશમાં સોલિડ વેસ્ટ વિભાગ મેનેજમેન્ટ સહિત જે તે વોર્ડના સંબંધક અધિકારીઓ દ્વારા વોર્ડની સફાઈ માટેની રૂટ વિગેરે નક્કી કરાશે. સફાઈ ઝુંબેશમાં જે.સી.બી., ડમ્પર, ટીપરવાન, ટ્રેક્ટર, જરૂરી સાધનો સહિતની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો પ્રસરે નહિ તે માટે મેલેરિયા વિભાગ દ્વારા વોર્ડમાં આવેલ નાના-મોટા ખાડા-ખાબોચિયામાં **MLO** છંટકાવની કામગીરી, પુખ્ત મચ્છરના નાશ માટે ઘરની અન્ડર ફોગીંગની કામગીરી, વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીન દ્વારા ફોગીંગની કામગીરી, ઘરમાં રહેલ પાણીના ટાંકા, પીપ, અન્ય પાત્રો ચકાસી મચ્છરના પોરા જણાય તો ટેમીફોશ દવા નાંખી મચ્છરના પોરાનો નાશ કરવાની કામગીરી, ઘરની અંદર કે બહાર મોટા ખુલ્લા પાણી ભરેલા પાત્રો હોય તો પોરાભક્ષક ગપ્પી માછલી મુકવાની કામગીરી, પત્રિકા વિતરણ તથા આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરાશે. વન ડે ટુ વોર્ડ સફાઈ ઝુંબેશ સતત નવ દિવસ સવારના ૮:૩૦ કલાક થી આયોજન કરેલ છે. કચરો જયાં ત્યાં રોડ પર નહિ નાંખવાને બદલે ડસ્ટબીનમાં નાંખવા તેમજ ઘરનો કચરો ટીપરવાનને જ આપવા અપીલ કરેલ. (૧.૧૬)

### જિલ્લા ભાજપ દ્વારા નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિતે

## અભિનંદન મોદીજી લખેલા હજારો પોસ્ટકાર્ડ મોકલવામાં આવશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૧માં જન્મદિવસ નિમિત્તે જીલ્લા ભાજપા દ્વારા વિવિધ સેવા અને સમર્પણ અભિયાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તેમ જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રી નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલાએ વધુ માહિતી આપતા જણાવ્યું હતુંકે, રાજકોટ જિલ્લા ભાજપા દ્વારા ત્રણ સપ્તાહ સુધી સેવા અને સમર્પણ અભિયાનના કાર્યક્રમોની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જેના ભાગરૂપે તા.૧૭ સપ્ટે.થી ૭ ઓકટો. સુધી અલગ-અલગ પ્રકારના આયોજનો કરવામાં આવશે. રાજકોટ જિલ્લામાં અભિનંદન મોદીજી લખેલા હજારો પોસ્ટકાર્ડ લખી મોકલવામાં આવશે. આમ રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસે સેવા અને સમર્પણ અભિયાન કાર્યક્રમો દ્વારા ઉજવવાનું જબરદસ્ત આયોજન કરવામાં આવ્યું છે. તેમ રાજકોટ જિલ્લા ભાજપા પ્રેસ-મીડિયા વિભાગના ઇન્ચાર્જ અરુણભાઈ નિર્મળની યાદીમાં જણાવે છે.(૧.૧૬)

# ‘બાવન સાખના બાગનું ફોરમ વંતુ ફૂલ, બાબુ વાંકએ બેહકાવીયો, ઉજજવળ કુળ અમુલ’



## ગૌ-પાલક, ગૌ-સેવક બાબુભાઈ રામસુરભાઈ વાંકની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે ‘કિર્તી હુંદા કામ’ ભવ્ય સંતવાણી

**તા.૧૮ ને શનિવારે રાત્રે ૮-30 કલાકે શ્રી ક્રિષ્ના ગૌ ધામ મવડી-પાળ રોડ, રાજકોટ ખાતે કાર્યક્રમ યોજાશે**

**મેઘની મધેર હોઈ કે રાતની લહેર આપણો આ કાર્યક્રમ સંપૂર્ણ પણે ચાલુ રહેશેઃ વિજય વાંક (પૂર્વ કોર્પોરેટર-રાજકોટ)**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૬

પોતાનું સંપૂર્ણ જીવન ગૌસેવા, પરસેવા તેમજ ૫૦૦ થી પણ વધારે દીકરીઓનાં કન્યાદાન, અન્નક્ષેત્ર (અન્નદાન મહાદાન) ને સાર્થક કરી પરોપકારી રૂપી જીવન જીવી સેવાના ભેખધારી હર હંમેશા દરેક માટે વરહતા વડલા સમા સેવાભાવી ‘ભામાશા’ સ્વ.બાબુભાઈ રામસુરભાઈ વાંકની પ્રથમ પુણ્યતિથિ નિમિતે યોજેલ ‘કિતી હુંદા કામ’ ભવ્ય સંતવાણી કાર્યક્રમ તા.૧૯ ને શનિવારે રાત્રે ૮:૩૦ કલાકે શ્રીક્રિષ્ના ગૌ ધામ મવડી પાળ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

આ કાર્યક્રમનું જીટીપીએલ ડાયરો ચેનલ નં.૨૮૩ લાઈવ પ્રસારણ કરવામાં આવશે. નવી યુટ્યુબ ચેનલ **vijayvank official** લોન્ચ કરવામાં આવશે. સ્વ.બાબુભાઈ રામસુરભાઈ વાંકની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે યોજેલ સંતવાણીમાં પધારવા વાંક પરિવાર દ્વારા આમંત્રણ પાઠવાયું છે.(૧.૧૨)

**કલાકાર**
દેવરાજભાઈ ગઢવી (નાનો ડેરો)
અનુભા ગઢવી (લેખક-કવિ)
સાંઈરામભાઈ દવે (સાહિત્યકાર)
ગોવિંદભાઈ પાલીયા (લેખક-કવિ)
મંગલભાઈ રાઠોડ (GTPL)
હિતેશ રાવળ-જીતેશ રાવળ

---

**આઈશ્રી સોનલમાં એજયુ એન્ડ ચેરી.ટ્રસ્ટ રાજકોટ દ્વારા**

# ડિરેકટરીની અધ્યતન બીજી આવૃતિ પ્રસિધ્ધ કરાશે

**ડીરેકટરીમાં નામ ઉમેરવા, સરનામા ફેરફાર કરવા તા.30 સપ્ટેમ્બર સુધીમાં કાર્યાલયે વિગત મોકલવી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૬

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા શહેરમાં વસવાટ કરતા, ચારણ (ગઢવી) સમાજના જ્ઞાતિજનોની ડિરેકટરી માર્ચ-૨૦૦૯ માં પ્રસિધ્ધ કરેલ હતી.

આ ડિરેકટરીમાં પુરાનામ, સરનામા તથા મોબાઈલ નંબર દર્શાવેલ છે તે સિવાય ગુજરાતમાં કાર્યરત છાત્રાલયો, જ્ઞાતિની વાડીઓ, મંડળો, ટ્રસ્ટ, સંસ્થાઓ વિગેરેની પણ માહિતી આપવામાં આવેલ છે. આ ડીરેકટરીની અધ્યતન બીજી આવૃત્તિ પ્રસિધ્ધ કરવાનું નકકી કરેલ છે. જેના અનુસંધાને રાજકોટમાં વસવાટ કરતા તમામ જ્ઞાતિજનોને આ ડિરેકટરીમાં સરનામા કે મોબાઈલ નંબરમાં ફેરફાર હોય કે છેલ્લા ૧૨ વર્ષમાં રાજકોટ ખાતે નવા લોકો વસવાટ કરેલ હોય તેમના નામ પણ ઉમેરી શકાય છે. રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત, ભારત અને વિદેશમાં કાર્યરત સંસ્થા, છાત્રાલય, જ્ઞાતિની વાડીના અધતન એડ્રેસ ટ્રસ્ટની ઓફિસમાં લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. આ બાબતે કોઈપણ જાણકારી અથવા પુછપરછ માટે વિનુભાઈ મકવાણા (૯૪૨૭૨૦૦૦૯૬) સમય સાંજના ૫ થી ૭ અથવા વોટ્સએપ દ્વારા સંપર્ક કરી શકે છે. તા.૩૦ સુધીમાં વિગતો મોકલવા જણાવવામાં આવે છે. પત્ર-વ્યવહારનું સરનામું ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ જયુબીલી ટ્રેડ સેન્ટર, શ્રીનાથ ટ્રાવેલ્સની સામે ભાવેશ મેડિકલ સ્ટોર્સની બાજુમાં, રાજકોટ ખાતે વિગતો મોકલાવી.

---

**લોધીકાની મુલાકાત લેતા ભુપત બોદર**

# અતિવૃષ્ટિમાં થયેલ નુકસાન અંગે જરૂરી કાર્યવાહી કરવા અધિકારીઓને આદેશ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૬

રાજકોટ તેમજ સૌરાષ્ટ્રમાં પડેલ મુશળધાર વરસાદને પગલે અતિવૃષ્ટિના દર્શ્યો સર્જાયા હતા અને ઠેર ઠેર તારાજી સર્જાઈ હતી. રાજકોટ તાલુકાના લોધીકા ગામનો લોધીકડી ડેમને અતિવૃષ્ટિને કારણે નુકસાની થયેલ ત્યારે જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરે આ લોધીકા ગામની સ્થળ મુલાકાત લઇ નિરીક્ષણ કરેલ હતું અને અતિવૃષ્ટિમાં થયેલ નુકસાન અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે અધિકારીઓને તાકીદે આદેશ કર્યા હતા. ત્યારે ભારે વરસાદને પગલે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે નુકસાની અને તારાજી સર્જાઈ છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઇ નિરીક્ષણ કરી જરૂરી આદેશો કર્યા હતા.

આ તકે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મોહનભાઇ દાફડા, મુકેશભાઈ તોગડીયા, મુકેશભાઈ કામાણી, તાલુકા મહામંત્રી દિલીપભાઈ કુંગશિયા, લોધીકા તાલુકા પંચાયત ઉપપ્રમુખ કિશોરભાઈ વસોયા, ભીખુભાઇ ડાભી, સંઘના ડાયરેકટર સંજયભાઈ અમરેલીયા, તાલુકા સદસ્ય ઉમેશભાઈ દેશાઇ, દિલીપભાઈ મારકણા, ભાવેશભાઈ ખૂંટ, તેમજ ગામના આગેવાનો, લોધીકા મામલતદાર, લોધીકા ટી. ડી. ઓ. મીરાબેન સોનપુરા વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૧.૧૬)



---

**રાજકોટ ડિવાઈનફીલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા**

# વડીલ વિસામો હરીઓમ આશ્રમ જેતપુર દ્વારા એક દિવસીય યાત્રા પ્રવાસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૬

રાજકોટ ખાતે ડિવાઈનફીલ ચેરીટેબલ ટ્રસ્ટ અનેક પ્રકારની સામાજિક, ધાર્મિક, સેવાકીય તેમજ માનવતાને પ્રેરણા આપતી પ્રવૃતિઓ કરતી રહેલ છે. આજના સમયમાં અનેક વૃધ્ધાશ્રમોમાં જીવન પસાર કરતા બા-દાદાઓને સારું ભોજન કે સારા કપડા કે સારી સુવિધાઓ નહી પણ સારા સહવાસની જરૂર હોય છે. તેમની આ ભાવાત્મક જરૂરીયાતને ઘણા અંશે પૂર્ણ કરવાનો નમ્ર પ્રયાસ ડિવાઈન ટીમ હરહમેંશ કરતી રહેલ છે.

ડિવાઈનફીલ ચેરીટેબલ ટ્રસ્ટ આગામી તા.૧૯ ના રોજ વડીલ વિસામો હરીઓમ આશ્રમ- જેતપુરના બા- દાદા સાથે એક દિવસીય યાત્રા પ્રવાસ કરી તેમની સાથે આખો દિવસ તેમને મનગમતા ધૂન- ભજન- દર્શનનો આનંદ કરાવી તેમના મુખારવિંદ પર હાસ્ય લાવવાનો નમ્ર પ્રયાસ કરવાનું આયોજન કરી રહેલ છે.

આ યાત્રા પ્રવાસ બા- દાદા માટે એક સંભારણું બની રહે તે માટે ડિવાઈનફીલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભરત પરમાર, કેમલ શીંગાળા, કૈલેશ લાલાણી, રાઠોડ, વિજય ત્રાંબડીયા, પિયુષ વેદ, બાલાભાઈ, ભાવેશ પટેલ, કમલેશ પટેલ, અલ્પેશ પટેલ, ક્રિપાલ વાઘેલા, કિરીટભાઈ ચાવડા, દેવભાઈ દૂધરેજીયા તથા ડિવાઈનફીલના તમામ આત્મીય મિત્રો અને હરીઓમ આશ્રમના પરમ પૂજય જોષીબાપા તથા નિલેષભાઈ જોષી જહેમત ઉઠાવી રહેલ છે.(૭.૧૨)

---

**ભાવનગરઃ ઈસ્કોન મંદિર દ્વારા**

# મથુરામાં વૃંદાવન ધામ રાધેશ્યામ આશ્રમ ખાતે શ્રીમદ્ ભાગવત કથા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
ભાવનગર, તા.૧૬

ઇસ્કોન મંદિર ભાવનગર દ્વારા મથુરામાં આવેલ વૃંદાવન ધામ રાધેશ્યામ આશ્રમમાં શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાવનગરથી સુરતથી અને મુંબઈથી શ્રીમદ ભાગવત પ્રેમી શ્રોતાઓ ઉત્સાહપૂર્વક પધારેલ છે. સુરતથી ડાયમંડ ઉદ્યોગના હસ્તીઓ હાજર રહ્યા ઘનશ્યામભાઈ શંકર તથા કનુભાઈ કાકડીયા ઉપસ્થિત રહ્યા હતા કથા વ્યાસ કુંડળ કૃષ્ણ દાસ દ્વારા શ્રીમદ્ ભાગવતની મધુર લીલા ગીરીરાજધરણ લીલાનું રસપાન કરાવી રહ્યા છે તારીખ ૧૩ થી ૧૯ સુધી કથા ધારાવાહિક ચાલુ રહેશે ભાવનગર ઇસ્કોન મંદિરથી મંદિરના અધ્યક્ષ વેણુ ગાયક દાસ, ઘનશ્યામભાઈ ભલાણી, ઋષિકેશ પ્રભુ, ગોવિંદ પ્રસાદ પ્રભુ, સુરતથી ભદ્ર વર્ધન પ્રભુ, શૈલધર પ્રભુની ભાગવત કથામાં ઉપસ્થિત રહ્યા હતા.(૭.૧૬)

---

# લોધિકા તાલુકામાં અતિવૃષ્ટિથી નુકસાનનાં પગલે મુખ્યમંત્રીને રજૂઆત કરતા કુંડારીયા-સાગઠીયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૬

લોધિકા તાલુકામાં અતિવૃષ્ટિનાં કારણે જે નુકશાનનાં પગલે રાજ્યનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને સાંસદ મોહનભાઈ કુંડારીયા અને ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાએ રજૂઆત કરી છે. લોધિકા તાલુકામાં વરસાદનાં કારણે જે ખેડૂતોનાં ખેતરમાં પાક, લોકોના ઘરવખરી સામાનમાં, ખેડૂતોનું અને લોકોના અનાજ અને વીજપોલ પડી ગયા હતા અને જે નુકસાન થયું છે. તેની રજૂઆત કરતા સાંસદ મોહનભાઈ કુંડારીયા- ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જિલ્લા કલેકટરને તાત્કાલિક સર્વે કરતા સુચના આપી અને સર્વે કરી લોકોને સહાય કરવા સુચના આપેલ.(૧.૧૨)

---

# જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૯ ના ઓનલાઈન ફોર્મ ભરવાનો પ્રારંભ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
અમરેલી, તા.૧૬

**ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા.30 ઓકટો. રહેશે**

જવાહર નવોદય વિદ્યાલય, મોટા ભંડારિયા, અમરેલીના આચાર્યની યાદી જણાવે છે કે, ધોરણ ૯ માં પ્રવેશ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મ ભરવાની ગત તા.૧૩ થી શુભારંભ થઇ ગયો છે તો જ.ન.વિ. પ્રવેશ પરીક્ષા ૨૦૨૨ - ૨૩ ધોરણ ૯ લેટરરલ એન્ટ્રી માટે ઓનલાઇન ફોર્મ ભરાઈ રહ્યા છે તો લાગતા વળગતા વિદ્યાર્થી, વાલીઓ, માધ્યમિક શાળાના આચાર્યઓ, પ્રાથમિક શાળાના આચાર્યઓ તેની નોંધ લેશે. જેમાં ઓનલાઇન ફોર્મ ભરવાની ગત તા. ૧૩ થી શરૂ થાય છે. ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦.૧૦.૨૦૨૧ રહેશે તેમજ લેટરરલ એન્ટ્રીની પરીક્ષા ૯/૪/૨૦૨૨ના રોજ નિર્ધારિત કરવામાં આવેલ છે.

આ માટે ધોરણ ૮મા સત્ર ૨૦૨૧-૨૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવેદન કરી શકે છે. ઓનલાઈન ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓની જન્મ તારીખ ૧/૫/૨૦૦૬ થી ૩૦/૪/૨૦૧૦ આધારિત થતી હોવી જોઈએ, ઓનલાઈન ફોર્મ ભરવા માંગતા વિદ્યાર્થીઓ નીચેની લીનક પર જી ફોર્મ ભરી શકે છે. **www.navodaya.gov.in** અથવા **www. nvsadmissionclassnine.in** તો જે વિદ્યાર્થી ધોરણ ૮ માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ આ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની શરૂઆત થઇ ગઈ હોવાથી ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. તો લાગતા - વળગતા વિદ્યાર્થીઓ વિશેષ નોંધ લે તેની નવોદય વિદ્યાલય વિદ્યાલયના આચાર્ય વિજયકુમાર બોસની યાદી જણાવે છે.(૭.૧૨)

---

**ઓખામંડળ અનુસૂચિત જાતિના આગેવનો દ્વારા**

# પ્રદેશ કારોબારી નાગાજણ ચાનપાનો સમાવેશ કરાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
મીઠાપુર, તા.૧૬

સમસ્ત ઓખામંડળ અનુસૂચિત જાતીના આગેવાનો દ્વારા નાગાજણભાઈ ચાનપાનો પ્રદેશ કારોબારીમાં સમાવેશ કરાયો છે. તેથી ઓખામંડળના સમાજના આગેવાનો દ્વારા ઓખા નગરપાલિકાના ચૂંટણી ઇન્ચાર્જ અને ધારાસભ્યના પુત્ર સહદેવસિંહ પબુભા માણેકની ઓફિસે મુલાકાત લીધી હતી અને હૃદયપૂર્વક આભાર માની સમાજ તરફથી અને પક્ષ તરફથી મળેલી આ જવાબદારીને પૂરી નિષ્ઠાપૂર્વક પૂરી કરવાની તક જતી નહિ કરવાનું વચન આપ્યું હતું.(૭.૧૨)

---

# ગુજરાતનાં મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત લેતા પબુભા માણેક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** મીઠાપુરઃ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજીનામું આપ્યા બાદ નવા મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્રભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. ઓખામંડળ તાલુકા ના ૮૨ વિધાનસભાના ધારાસભ્ય પબુભા વિરમભા માણેક દ્વારા નવા મુખ્યમંત્રી સાથે એક શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. જે તસ્વીરમાં જોઈ શકાય છે.(૭.૧૨)

---

# ભરૂચઃ જન શિક્ષણ સંસ્થાનના ટ્રેનર્સનું સન્માન તથા તાલીમ કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
ભરૂચ, તા.૧૬



જન શિક્ષણ સંસ્થાન ભરૂચ દ્વારા જિલ્લામાં કાર્યરત વિવિધ અભ્યાસક્રમોનાં તાલીમ ઇન્સ્ટ્રક્ટરો (કૌશલાચાર્યો) ને શિક્ષકદિન નિમિત્તે સન્માનવાનો તથા તાલીમબદ્ધ કરવાનો વિશેષ કાર્યક્રમ આયોજીત કર્યો હતો. રાષ્ટ્રભાષા હિન્દી દિવસનાં ઉપલક્ષમાં આયોજીત ઉદઘાટન સમારોહ સાથે સંસ્થા તરફથી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ તાલીમ આપતાં પ્રશિક્ષકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. વિવિધ તાલીમ કાર્યક્રમોમાં તાલીમ આપતાં રિસોર્સ પર્સન કૌશલ્યાચાર્યોને તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો. નિયામક ઝયનુલ આબેદીન સૈયદ એ તાલીમમાં ભાગ લેનાર તમામનો કૌશલ્યાચાર્ય તાલીમનું મહત્વ ટુકમાં રજુ કરી હતી.

તાલીમ માટે કે. જે. પોલીટેકનિક ભરૂચના વ્યાખ્યાતા પ્રોફેસર ભાવિકાબેન એમ.પટેલ, પ્રોફેસર દિલીપકુમાર પટેલ, અંકલેશ્વર ફર્સ્ટ લેડી સલુન એન્ડ એકેડેમીનાં રશ્મિબેન જોષી તથા કોર્પોરેટ ટ્રેનર પ્રોફે. નીતુ વર્માએ સ્ટેસ મેનેજમેન્ટ અને કાર્યક્ષમતા સુધારણા અંગે પોતાનાં વિચારો રજુ કરી તાલીમાર્થીઓને વિશેષ કૌશલ્ય પ્રદાન કર્યું હતું.

તાલીમ દરમ્યાન ચર્ચા વિચારણા, પ્રશ્નોતરી તેનું નિરાકરણ થકી તાલીમાર્થીઓએ વિશેષ જ્ઞાન પ્રાપ્તિ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમને અંતે લાઇવલીહુડ ફિલ્ડ કો.ઓર્ડિનેટર શિતલબેન ભરૂચાએ આભાર દર્શન કરી કાર્યક્રમની સમાપ્તિ કરી હતી.(૧૫.૧૬)

---

# ઘેડ પંથક બેટમાં ફરતા વાવેલો પાક પાણીમાં ગરકાવ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
માંગરોળ, તા.૧૬

જૂનાગઢ જિલ્લામાં પણ વરસાદની સતત મહેર થઇ છે ત્યારે જૂનાગઢ જિલ્લાના માંગરોળ, પોરબંદર અને કેશોદ તાલુકાનો ઘેડ પંથકનો વિસ્તાર સતત વરસાદી માહોલને કારણે ઓઝત, સાબરી, મધુમતી નદીઓના પાણી આવવાને કારણે આ વિસ્તાર હાલ બેટમાં ફેરવાયો છે. જેને લઇને અહીંના લોકોને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વારંવાર ઘેડ પંથકમાં ભારે પાણીની આવક થતા જ આ પંથક બેટમાં ફેરવાતો હોવાથી અહીંના ખેડૂતોની હજારો હેકટર જમીનમાં વાવેલ પાક પાણીમાં ગરકાવ થઈ જાય છે જેથી પાક નિષ્ફળ જાય છે. ઘેડ પંથકના અનેક ગામો સંપર્ક વિહોણા પણ બનતા હોય છે. હાલ પણ ભારે વરસાદના કારણે ઘેડ પંથક ફરીથી બેટમાં ફેરવાતા ગામ ફરતે પાણી ફરી વળેલા જોવા મળી રહયાં છે, આ સમસ્યાનો અહીંના લોકોને દર ચોમાસામાં સામનો કરવો પડતો હોય છે ત્યારે ખેડૂતોને કમ સે કમ પાક વીમા જેવા લાભો સરકાર દ્વારા આપવામાં આવે અને સહાય રૂપ થાય તેવી માંગ ઉઠવા પામી છે.(૧૫.૧૬)

---

# માંગરોળમાં બોટના ખલાસીનુ દરીયામાં ફિશિંગ દરમિયાન હાર્ટએટેક આવતા મૃત્યુ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
માંગરોળ, તા.૧૬

જૂનાગઢના માંગરોળ બંદર દરિયામાં ત્રણેક દિવસ પહેલા લક્ષ્મી નારાયણ નામની બોટ સાતેક ખલાસીઓ સાથે ફિશિંગ કરવા નીકળી હતી તેમા ફિશીંગ દરમિયાન બોટના ખલાસી કમલેશભાઈ મંછુભાઇ બામણીયા (ઉ.વ. ૫૧) ને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા હાર્ટએટેક આવતા સ્થળ ઉપર જ મૃત્યુ પામ્યા હતા.

બોટના અન્ય ખલાસીઓ દ્વારા બોટને તાત્કાલિક માંગરોળ બંદરે લાવવામાં આવી હતી બાદ તરતજ બોટ ના માલિક નારણભાઈ લખમભાઈ મચ્છ દ્વારા તાત્કાલિક અન્ય ખલાસીઓ સાથે મૃત્યુ પામનારને ખલાસીને પીએમ માટે એમ્બ્યુલન્સ મારફત માંગરોળ સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

દવાખાનામાં પોલીસ ની જરૂરી કાર્યવાહી તેમજ પી એમ બાદ મૃતક ખલાસીની બોડીને તેમના વતન મોકલવાની વ્યવસ્થા બોટ માલિક દ્વારા કરી આપવામાં આવી હતી. આ બોટમા સાત ખલાસીઓ હતા જેમાં મૃત્યુ પામનાર ના બે દીકરાઓ પણ સાથે હતા, મૃત્યુ પામનાર કમલેશભાઈ વલસાડના સરી ગામના રહેવાસી હતા.(૭.૧૬)

---

# સૌ ટકા રસીકરણ પૂર્ણ કરતું ગામ ઈંગોરાળા જાગાણી

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
દામનગર, તા.૧૬



સંપૂર્ણ કોરોના મુક્ત અને સૌ ટકા રસીકરણ કરતું ગામ ઇંગોરાળા જાગાણીને આરોગ્ય કર્મચારી આસોદર પીએસી સ્ટાફ સહિતના વહીવટી તંત્ર ની કામગીરી થી રક્ષાત્મક રસીકરણ મુહિમ સફળ બનાવી સ્થાનિક ઇંગોરાળા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સદસ્ય અને સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન અસરકારક રસીકરણ મુહિમ માટે જનજાગૃતિ માટે પ્રેરણાત્મક ગામ કોઈ ડર કે ભય વગર રાષ્ટ્રીય રસીકરણ મુહિમને ૧૦૦% સફળતા મળી.(૭.૧૬)

## દમદાર સક્રિય ધારાસભ્યની કામગીરીની ઝલક

# કોર્પોરેટરથી લઇને મંત્રી સુધીની અરવિંદ રૈયાણીની સફર...





રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે ધારાસભ્ય અરવિંદ રૈયાણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૬

ગુજરાતમાં ભુપેન્દ્ર પટેલના મંત્રીમંડળની આજે યોજાઈ રહેલી શપથવિધિમાં હવે ભાજપે મકકમ રહીને નો રીપીટ થિયરીને માન્ય રાખી નવા ચહેરા સાથે મંત્રીમંડળની રચના કરવા તૈયારી કરી છે. આજે જે નવા ચહેરા મંત્રી બનવા જઈ રહ્યા છે તેમાં રાજભવન ખાતે શપથ લેવા માટે પહોંચી જવા જણાવાતા આ ધારાસભ્યોના ટેકેદારોમાં આનંદ છવાઈ ગયો હતો અને તેમના વતનમાં ફટાકડા ફુટવા લાગ્યા હતા. રાજકોટના ધારાસભ્ય અરવિંદ રૈયાણી મંત્રીપદ મળ્યું છે. ઉપલા કાઠાની નેતાગીરીને ભાજપમાં મોટુ સ્થાન મળતાની સાથે જશ્નનો માહોલ સર્જાયો છે. રૈયાણી કોર્પોરેટરથી માંડીને રાજકીય સફર શરૂ મંત્ર પદ સુધી પહોંચ્યા છે. તેમનું લઉવા પટેલ સમાજમાં ખુબ સારૂ પ્રભુત્વ છે અને દાયકાઓથી ભાજપના વિશ્વાસુનેતા તરીકે ગણના થાય છે. દિગ્ગજ કિસાન નેતા વિઠલ રાદડીયાને રાજકીય ગોડફાધર તરીકે હમેશા માન આપ્યું તેમજ જયેશ રાદડીયાના ચુસ્ત સર્મથક છે. અરવિંદ રૈયાણી કોર્પોરેટર હત્યા તૈયારથી વહીવટી તંત્ર પાસે લોકોના કામ કરાવવા અનોખી કાબેલીયત ધરાવે છે. તેઓને લોક પ્રશ્નોનો ઉંડાણ ભરી સુજ સમજ અને અભ્યાસ પણ છે. વધુ જોઇએ તો અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણીનો જન્મ ૧ એપ્રીલ, ૧૯૭૮ના રોજ થયો હતો. તેમના પિતા ગોરધનભાઈ રૈયાણી કે જેઓ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલા છે. તેથી ધો. ૧૦ સુધીનો અભ્યાસ કર્યા બાદ અરવિંદભાઈ યુવા વયેથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ ગયા હતા. ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ ભુતકાળમાં સાંભળી હતી. અરવિંદભાઈ રૈયાણીએ એક ટર્મ સુધી શહેર યુવા ભાજપના મંત્રી અને યુવા પ્રમુખ તરીકે જવાબદારી સાંભળી હતી. તેઓ ૨૦૧૦થી કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જેમાં કોર્પોરેશનની બાંધકામ સમિતિના ચેરમેન પદે તેમની બે વખત નિમણુંક થઈ હતી અને તેઓ શાસક પક્ષના દંડક તરીકે પણ જવાબદારી સંભાળી ચુકયા છે. હાલમાં રાજકોટ પૂર્વ (વિધાનસભા-૬૮) ના ધારાસભ્ય છે.અને મંત્રી તરીકે તેમની વરણી પણ કરવામાં આવી છે. અરવિંદ રૈયાણીના પરિવારજનો અને કાયર્કરોએ ફટાકડા ફોડી મીઠાઈઓ વહેંચીને શપથવિધિ પહેલા જ જીતનો જશ્ન મનાવ્યો હતો. આ જશ્નથી ખક્અ અરવિંદ રૈયાણીની મહત્વાકાંક્ષા છતિ થઈ છે.ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણીએ સિવિલ હોસ્પિટલમાં બ્લડની જરૂરત હોય ત્યારે અમે વોર્ડ નં.૪નાં ભારતીય જનતા પક્ષના કાર્યકર્તાઓ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું હતું (૪.(



લોકદરબારમાં ધારાસભ્યની હાજરી



ધારાસભ્ય અરવિંદ રૈયાણીએ કોરોના કાળમાં નિઃશુલ્ક ઓક્સિજન સેવા શરૂ કરી હતી



**ધારાસભ્ય રૈયાણીનાં પ્રયાસોથી જરૂરતમંદો માટે ધમધમતું રાહત રસોડુ**

કોરોનાની મહામારીને કારણે દેશવ્યાપી લોકડાઉન હતું ત્યારે વર્તમાન પરિસ્થિતિમાં બ્લડની ખુબ જ અછત હોય ત્યારે ધારાસભય અરવિંદ રૈયાણી દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથો સાથ ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણી પોતાના વોર્ડમાં દરરોજ ગરીબ તથા જરૂરીયાતમંદ લોકો માટે રસોઈ બનાવી તેમને ભોજન પુરુ પાડતા હતા. જેમાં અંદાજે દરરોજનાં ૧૦ હજાર જેટલા લોકો બે ટાઈમ ભોજન આપવામાં આવતું હતુ.



પૂ.સ્વામીના આશિર્વાદ લેતા રૈયાણી

# રૈયાણીને મંત્રીમંડળમાં સ્થાન મળતા અભિનંદન પાઠવતું શહેર ભાજપ

### નવનિયુક્ત મંત્રીમંડળમાં રાજયકક્ષાના મંત્રી તરીકેના પોતાના દાયિત્વને સુંદર રીતે નિભાવી ગુજરાતની વિકાસયાત્રામાં પોતાનું મહતમ યોગદાન આપશેઃ મિરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૬

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ રાજકોટ(પૂર્વ) વિધાનસભા-૬૮ના ધારાસભ્ય અરવીંદ રૈયાણીને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળા નવનિયુકત મંત્રીમંડળમાં સ્થાન મળતા શુભેચ્છા પાઠવતા જણાવેલ હતું કે રાજકોટ વિધાનસભા-૬૮ના ધારાસભ્ય અરવિંદ રૈયાણી સેવાકીય કાર્યોમાં સક્રિય રહયા છે ત્યારે અરવિંદ રૈયાણી ગુજરાત મંત્રીમંડળમાં રાજયકક્ષાના મંત્રી તરીકેના પોતાના દાયિત્વને સુંદર રીતે નિભાવી ગુજરાતની વિકાસયાત્રામાં પોતાનું મહતમ યોગદાન આપશે અને રાજકોટના પ્રશ્નોને વાચા આપશે અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ ના સૂત્રને સાકાર કરશે.

# રોકડીયા ગરબી મંડળ દ્વારા રોકડીયા કા રાજા ગણપતિ મહોત્સવ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રોકડીયા ગરબી મંડળ દ્વારા 'રોકડીયા કા રાજા' ગણપતિ મહોત્સવ સદરબજાર, જનસતા પ્રેસ રોડ ખાતે ૨૦ વર્ષથી આયોજન કરવામાં આવે છે. તેમજ દરરોજ રાત્રે ૮ વાગ્યે આરતી કરવામાં આવે છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રાજુભાઇ રાઠોડ, સંજયભાઇ વાઘેલા, સાગરભાઈ સોલંકી, રમેશભાઇ રાઠોડ, પ્રકાશભાઈ ચૌહાણ, વિપુલભાઈ રાઠોડ, વિરેન રાઠોડ તથા અન્ય કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.(૭.૧૨)



**ગીર-સોમનાથ જીલ્લાનો હિરણ-૨ ડેમ છલકાયોઃ એક દરવાજો ખોલાયો**

# રાજકોટ દ્વારા સર્વશ્રેષ્ઠ પરિણામ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

સમગ્ર ભારતની સૌથી મોટી એન્ટ્રન્સ એકઝામ જી મેઈન- ૨૦૨૧ નું ફાઈનલ રીઝલ્ટ નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા ગઈકાલે બુધવારનાં રોજ જાહેર કરવામાં આવેલ છે. એલન કરીયર ઈન્સ્ટીટયુટ રાજકોટના સંસ્થા પ્રમુખ રજનિશકુમાર શ્રીવાસ્તવ ગૌરવ અનુભવે છે કે એલન કરીયર ઈન્સ્ટીટયુટ રાજકોટના ૨ વર્ષ કલાસરૂમના વિદ્યાર્થી પ્રસન્ન સંખાવરા એ જી (મેઈન) - ૨૦૨૧ માં સમગ્ર રાજકોટ તથા સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આ સિવાય એલન કરીયર ઈન્સ્ટીટયુટ રાજકોટના વિદ્યાર્થીઓ પરમ જીવરાજાની એ ૪૪૧ અંઈછઅને ધ્રુમીલ લોટીયા એ ૬૫૪ - અંઈછપ્રાપ્ત કરીને સમગ્ર સૌરાષ્ટ્ર તથા પરીવારનું નામ ઉજજવળ કરેલ છે.

એલન કરીયર ઈન્સ્ટીટયુટ રાજકોટના અન્ય ૬ વિદ્યાર્થીઓએ ૯૯.૫ થી વધુ અને ૨૬ વિદ્યાર્થીઓએ ૯૫ થી વધુ અને ૪૯ વિદ્યાર્થીઓએ ૯૦ થી પર્સનટાઈલ વધુ માર્કસ મેળવેલ છે તથા કુલ ૭૦ વિદ્યાર્થીઓ જી અડ્વાન્સ માટે કવોલિફાય થયેલ છે.(૪.૧૨)

# હોસ્પિટલ સેવા મંડળ તથા મોબાઈલ બ્લડ બેંક દ્વારા રકતદાન કેન્દ્ર




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

કોરોના બીમારીનાં સમયમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડિત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે.

રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડિત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પીડિત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. હોસ્પિટલ સેવા મંડળ દ્વારા મોબાઈલ

### આવતીકાલે હોસ્પિટલનાં જરૂરિયાતમંદ દર્દીઓ અને થેલેસેમીયા ગ્રસ્ત બાળકોનાં લાભાર્થે કેમ્પ યોજાશે

બ્લડ બેંક દ્વારા સિવિલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડિત બાળકોના લાભાર્થે, રિધ્ધિ ફેબ્રીકસ, ઢેબર રોડ વનવે, હોટલ ભાભા પાસે, આલ્ફ્રેડ હાઇસ્કૂલની પાસે, રાજકોટ ખાતે આવતીકાલે સાંજે ૭ થી ૯ વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલિક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્ક આપના સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. વિશેષ માહિતી માટે અને કેમ્પનાં આયોજન માટે હોસ્પિટલ સેવા મંડળના મનીષભાઈ પરીખ (મો. ૯૮૯૮૬ ૧૩૨૬૭) પર સંપર્ક કરવા વિનંતી છે.(૭.૧૨)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# આવતીકાલે ઢાંકનાં મેરવદરમાં રામદેવજી મહારાજની જન્મજયંતીની ઉજવણી

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ઢાંક, તા.૧૬

ઉપલેટા તાલુકાનાં ઢાંકની બાજુમાં આવેલ મેરવદરનાં રામદેવજી મહારાજનાં મંદિરનાં પૂજારી, પ્રભુદાસ બાપુ દેસાણીએ જણાવ્યું કે, દર વર્ષની માફક આ વર્ષે પણ ભાદરવા સુદ-૧૧ ને શુક્રવારનાં રોજ રામદેવજી મહારાજની જન્મજયંતી ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં બપોરનાં ૩ વાગ્યે રામદેવજી મહારાજનાં સામૈયા, સાંજે ૫ કલાકે મહાપ્રસાદ, રાત્રે ૧૦ વાગ્યે રામધુન મંડળ સિંધપુર દ્વારા રામધુનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ત્યારે ભજન, ભોજન અને પાઠનાં દર્શનનો લાભ લેવા રામદેવજી મંદિરનાં પૂજારી પ્રભુદાસબાપુ દેસણી દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.(૭.૧૨)

# સરકાર દ્વારા પાંજરાપોળને સ્વાવલંબી બનાવની યોજનાની તારીખ વધારવામાં આવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

ગુજરાત સરકાર દ્વારા રજિસ્ટર્ડ પાંજરાપોળને ઘાસચારા માટે સ્વાવલંબી બનાવવાની યોજના માટે ૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાંથી ૭૫ કરોડ રૂપિયા ગ્રાન્ટમાંથી વધ્યા હતા. કારણ કે ઘણી પાંજરાપોળો આ ગ્રાન્ટનો લાભ લેવાથી વંચિત રહી હતી. આ કારણોસર સરકાર દ્વારા યોજનાનો લાભ લેવાની તારીખમાં વધારો કરીને છેલ્લી આગામી તા.30 કરવામાં આવી છે. આ ગ્રાન્ટ જીએસએફએસ ખાતે પાર્ક કરવાની



દરખાસ્ત કરવામાં આવી છે. જેની સરકાર દ્વારા શરતી મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતનાં દરેક પાંજરાપોળના સંચાલકોને આ પરિપત્રને ધ્યાનમાં લઈને આ યોજનાનો લાભ લેવાં સમસ્ત મહાજનનાં ગિરીશ શાહ,મિતલ ખેતાણી,દેવેન્દ્ર જૈને વિનંતી કરી

### બોટાદ ખાતે સૌરાષ્ટ્ર- કચ્છ સમસ્ત બ્રહ્મસમાજની

# વરિષ્ઠ કારોબારીની બેઠક મળી

### બ્રહમસમાજના સંગઠનનો વ્યાપ વધુને વધુ વિસ્તારવા સંપૂર્ણ સાથ સહકાર રહેશેઃ અંશ ભારદ્વાજ, વિવિધ એજન્ડા ઉપર વિસ્તૃત ચર્ચા થઈઃ જયંત ઠાકર, હરેશ જોષી


**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

સૌરાષ્ટ્ર- કચ્છ સમસ્ત બ્રહમસમાજના પ્રમુખ છેલભાઈ જોષી તથા મહામંત્રી સંજય જોષી તેમજ પ્રવકતા જયંતભાઈ ઠાકર અને મીડીયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષીની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયુ છે કે, સૌરાષ્ટ્ર- કચ્છ સમસ્ત બ્રહમસમાજ ધ્વારા સૌરાષ્ટ્રભરના જીલ્લા અને મહાનગરોમાં બ્રહમસમાજનું સંગઠન વધુ સુદ્રઢ બને તે માટે સમયાંતરે પ્રવાસ, કાર્યક્રમો અને કારોબારીની બેઠકોનું આયોજન કરવામાં આવતુ હોય છે. તે અંતર્ગત બ્રહમસમાજની વાડી, મસ્તરામ મંદીરની બાજુમાં, બોટાદ ખાતે સૌરાષ્ટ્ર- કચ્છ બ્રહસમાજ ટ્રસ્ટીની મીટીંગ પ્રમુખના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સૌરાષ્ટ્ર- કચ્છ સમસ્ત બ્રહમસમાજની વરિષ્ઠ બોડીના અપેક્ષીત શ્રેણીના આગેવાનો વારી વિવિધ એજન્ડાઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં વિવિધ જીલ્લાના પ્રમુખોને અભિનંદન પાઠવતો ઠરાવ કરવામાં આવેલ હતો. તેમજ આગામી સમયમાં બોટાદ જીલ્લા ખાતે સૌરાષ્ટ્ર- કચ્છ સમસ્ત બ્રહમસમાજનું અધિવેશન થાય તે અંગે ચર્ચા- વિચારણા કરવામાં આવેલ અને કોરોના દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહમસમાજ બાર કરવામાં આવેલ કામગીરીને બીરદાવવામાં આવેલ હતી. તેમજ બોટાદ ખાતેથી આ કારોબારી બેઠકની વ્યવસ્થા ચેતનભાઈ માઢક તેમજ નીરજભાઈ દવેએ સંભાળી હતી. તેમજ આ કારોબારી બેઠકમાં સૌરાષ્ટ્ર- કચ્છ બ્રહમસમાજના પ્રમુખ છેલભાઈ જોષી, સંજય જોષી, અલ્પેશભાઈ ભટ્ટ, ધર્મેન્દ્રભાઈ રાવલ, દિલીપભાઈ દવે, અંશભાઈ ભારધ્વાજ, ડી.જી. મહેતા, દેવેનભાઈ ઓઝા, મનુભાઈ પંડયા, ભુપતભાઈ પંડયા, દિલીપભાઈ દવે, ડી.જી. દવે અને રાજકોટ ખાતેથી સૌરાષ્ટ્ર- કચ્છ બ્રહમસમાજના પ્રવકતા જયંતભાઈ ઠાકર, સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહમસમાજ રાજકોટ જીલ્લા પ્રમુખ પંકજભાઈ રાવલ, સૌરાષ્ટ્ર- કચ્છ સમસ્ત બ્રહમસમાજના મીડીયા ઈન્ચાજ હરેશભાઈ જોષી, ગૌતમભાઈ દવે, તનસુખભાઈ ઠાકર, ઉદયભાઈ, સહીતના અપેક્ષીત શ્રેણીના આગેવાનો બોટાદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે અંશભાઈ ભારધ્વાજે બ્રહમસમાજના સંગઠનનો વ્યાપ વધુને વધુ વિસ્તરે તે માટે સંપૂર્ણ સાથ સહકાર આપવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. (૧.૧૨)



# માંગરોળની નોળી નદીના કાંઢે આવેલ કામનાથ મંદિરનો અનેરો નજારો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૬

માંગરોળથી દૂર કામનાથ મંદિર આવેલુ છે આ મંદિરની બાજુમાંથી નોળી નદી પસાર થાય છે આમ તો આ નદીને માંગરોળ તાલુકાની જીવા દોરી ગણવામાં આવે છે. હાલ સતત વરસાદના કારણે નોળી નદીમાં ઘોડાપુરના દ્રશ્યો સર્જાયા છે. આ નદી પર જ્યારે પણ ચોમાસામાં પ્રથમ પુર આવે છે. ત્યારે મહાદેવના મંદિરે પર અલભ્ય દ્રશ્યો જોવા મળે છે આ નદીમાં પ્રથમ પુર આવે છે ત્યારે નદીનું પાણી મહાદેવના ચરણોમાં જાય છે એટલે કે નદીનું પાણી મંદિરમાં ઘુસી જાય છે અને કામનાથ મહાદેવને નદી પોતાના પાણીથી પ્રથમ

(અનુ.પાના નં.૪ ઉપર)

Dt.16-09-2021 8 ગુરૂવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

## રાજકોટ જિલ્લા યુવા ભાજપના પૂર્વ મંત્રી હસુ ટિલાળાનો ધગધગતો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ

# 'રાજપરા, આપ કુંડારીયાની ચાપલુસી બંધ કરો, એમના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરો'

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઇ રામાણી તેમજ સાસંદ મોહનભાઇ કુંડારીયાને મુખ્યમંત્રીના આગમાન દરમ્યાન ચકમક ઝરી હતી. તેના બાદમા વીંછિયા ભાજપના પૂર્વ પ્રમુખ અરવિંદભાઇ રાજપરાએ સી.આર. પાટીલને ચેતનભાઇ વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવા રજુવાત કરી હતી તો તેને વળતો જવાબ આપવા રાજકોટ યુવા ભાજપના પૂર્વ મહામંત્રી હસુભાઇ ટિલાળાએ આક્ષેપ કર્યો હોવાનો પત્ર સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે પત્રમાં જણાવ્યું છે કે, મે આ સમગ્ર ઘટનાં મીડિયાનાં માધ્યમથી જોઇ જેમા રામાણીએ કલેકટરને થોડુ દુર ખસવા કહયુ હતુ. જેથી સૌ પદાધિકારીઓનું સન્માન તેમજ વ્યવસ્થા જળવાઇ રહે તે પ્રમાણે કલેકટર પણ રામાણીની વાતનુ માન રાખી હળવા સ્મીતે થોડા દુર ખસ્યા હતા. જેના હિસાબે બધુ જ ઠિક થય ગયુ હતુ પણ કુંડારીયાને કઈ વાતનું સુરાતન ચડ્યુ તેનુ સૌ પદાધિકારીઓને આશ્ચર્ય છે. તેમજ રામાણી સત્યની પડખે હંમેશા જોવા મળતા હોય છે અને તે મનમાં કંઇ રાખતા નથી તે હાઇકમાન્ડ પણ સારી રિતે જાણે છે અને એ આખાબોલા રાજકારણી છે. જો તેમને છંછેડો તો જ બાકી રાજકોટ જીલ્લામાં એક એવો કાર્યકર્તા કે આગેવાન નહિ હોય જે એમની રિસપેકટ ના કરતો હોય તે પછી કોઇ પણ પાર્ટી કે કોઇ પણ ક્ષેત્રના આગેવાન હોય તેમજ રામાણી અને કલેકટરનો અંગત પ્રશ્ન હતો. જો કલેકટરને રામાણીનો વ્યવહાર પસંદ ના આવ્યો હોત તો તે પોતે કહી જ શકતા હોત તેમા સાંસદ કુંડારીયાને કહી બોલવાની આવશ્યકતા જ ન હતી અને તે પણ એટલા માટે જ કે તેમની સાથે બિજા સાંસદો- ધારાસભ્યો પણ ઉપસ્થીત જ હતા. જો કોઇ પણ પદાધિકારીને રામાણીનો વ્યવહાર અસંતુષ્ટ કે ગેરવ્યાજબી નતો લાગ્યા તો કુડારીયા ને જ કેમ અને કશુ ગેરવ્યાજબી વર્તન હતું જ નહી અને રાજપરા જો આપ એવો પ્રશ્ન કરી રહ્યા હોવ કે ચેતન રામાણીનો જીલ્લામાં શું હોદો છે.. ? તો એમના જવાબમાં હું એટલું જ કહીશ ચેતન રામાણી જીલ્લાના નહી પ્રદેશ ભાજપના આગેવાન છે અને



એમની સિન્યોરીટી અને પાર્ટીના પ્રોટોકોલ મુજબ આપ કોને એમના હોદા વિશે કહી રહ્યા છો તેની જાણ તો છે.. ? આપ સભાન અવસ્થા મા જ તો પત્ર લખી રહ્યા હતા ને.. ? કેમ કે રામાણી આપના જન્મ પહેલાના જાહેરજીવનમાં પ્રજાકલ્યાકણ હેઠળ લોકસેવા કરી રહ્યા છે. રાજપરા ચેતન રામાણી કાર્યક્રમમા અપેક્ષીત હતા કે નહી એ પ્રશન કર્યો છે. ત્યારે જવાબમાં કહીશ કે ચેતનભાઇ રામાણીને મુખ્યમંત્રીના આગમન માટે પ્રદેશ ભાજપમાથી જ સુચના હતી ને સાથે જીલ્લા ભાજપના પ્રમુખ ખાચરીયાએ રામાણીને ઉપસ્થીત રહેવા ટેલીફોનિક જાણ કરી હતી અને સાથે શહેર- જીલ્લા- તાલુકાના કોઇ પણ કાર્યક્રમમાં રામાણીને સિન્યોરીટી અને પ્રદેશના આગેવાનના નાતે અપેક્ષીત માનવામાં આવે છે.


તદઉપરાંત આપ એ પણ પુછી રહ્યા છો કે, કલેકટરને દુર ખસેડવા રામાણીને અધિકાર કોને આપ્યો, તો વ્યવસ્થાના ભાગરૂપે રામાણીએ કલેકટરને કિધુ હતુ અને અધિકારીઓની રામાણી અને રામાણીની અધિકારીઓ કેટલી રિસપેકટ કરે છે તે સચિવાલય અને કમલમમાં હાઇકમાન્ડ પણ સારી રિતે વાકેફ છે. રાજપરા આપ કહો છો કે ચેતન રામાણી મિડિયામાં કેમેરેમાં એન્ટ્રી પાડવા પડાપડી કરતા હતા તો વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સુધી સૌ કોઇ જાણે છે કે કુંડારીયાને ફોટા પડાવવાનો કેટલો સોખ છે જે તે પોતે અવાર નવાર કાર્યકર્તાઓને કહેતા હોય છે.

મારે અખબારના માધ્યમથી જવાબ આપવો છે કે, રામાણી મુખ્યપ્રધાન રાજકોટ પધાર્યા તે જ દિવસે સવારે પાળ- રાવકી- માખાવડા- સાંગણવા- લોધિકા ગામે પ્રવાસ કર્યો હતો અને જ્યારે પાળ હતા ત્યારે મિડિયા કર્મીઓ પણ હાજર હતા. પરંતુ કુંડારીયા તો ક્યાંય આજે પણ નહી અને કોરોના, વાવાઝોડા જેવી કુદરતી આફતો વચ્ચે પણ ક્યાંય દેખાણા નથી તો રાજપરા આપ જેની ચાપલુસી કરી રહ્યા છો અને જેના હિતઇચ્છુક છો તેવા સાંસદ કુંડારીયાને કાર્યાલય ખોલવાનુ કહો અને ત્યાં ઉપસ્થીત રહેવાનુ કહો. જેથી તેઓ જનસંપર્ક કરી લોકોના પ્રશ્નનુ નિરાકરણ કરે જેથી ૭-૭ વર્ષ સુધી પ્રજાજનોના અટકેલા કામોને વેગ મળે અને એમનુ મતક્ષેત્ર મોરબી નહી રાજકોટ છે તે નિરંતર પણે આપ યાદ કરાવતા રહેજો. સોશિયલ મીડિયામાં આ પત્ર વાઇરલ થયો છે. હસુભાઇ ટિલાળાનો ટેલીફોનિક સંપર્ક કરવાનો અવાર-નવાર પ્રયાસ કરાયો હતો પરંતુ એમનો સંપર્ક થઇ કરી શકાયો નથી.(૧.૧૨)

## રામાણી પાસે હોદાથી મર્યાદાની અપેક્ષા ન રાખતા, તેને ખોટી રીતે છંછેડશો તો તે રાજપરા આપને પણ આખાબોલા સ્વભાવના દર્શન કરાવશે

### મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ચેકિંગ હાથ ધરાયું

# હોટલ-રેસ્ટોરન્ટમાંથી વાસી ડુંગળી શાકભાજી, સડેલા બટાટાનો નાશ કરાયો



## મોદક લાડુનાં બે નમુના લેવાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકાનાં ફૂડ શાખા દ્વારા જાહેરજન આરોગ્ય હિતારથી કુલ ૧૫ ફૂડ બિઝનેશ ઓપરેટરની ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમિયાન વાસી ફૂગવાળી ડુંગળી ૩૨ કિ.ગ્રા., સડેલા બટેટા ૨૪ કિ.ગ્રા. વાસી, શાકભાજી ૧૦ કિ.ગ્રા., વેસ્ટ બ્રેડ ૧ કિ.ગ્રા., ફોઝન વેજીસ્ટીક એક્સ્પાયર ૧ કિ.ગ્રા. નો સ્થળ પર નાશ કરવામાં આવેલ. ગુલાબ મોદક લાડુ (મીઠાઈ, લુઝ) સ્થળ બહુચરાજી નમકીન એન્ડ સ્વીટ, આકાશવાણી રોડ, ગુલકંદ મોદક લાડુ (મીઠાઈ લુઝ) સ્થળ: શ્રીજલારામ ફરસાણ, જનકપૂરી મે.રોડ સાધુવાસવાણી રોડ સ્થળેથી નમુના લેવામાં આવ્યા છે.

કિસાનપરા ચોક પાસે

(અનુ.પાના નં.૪ ઉપર)

# પક્ષની નો રિપીટ થિયરીને આવકાર આપતા કુંવરજી બાવળીયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

કોંગ્રેસ સાથેનો નાતો તોડીને ભાજપમાં પ્રવેશ મેળવી એ જ દિવસે મંત્રી પદના શપથ લઇને નવો વિક્રમ સ્થાપનાર સૌરાષ્ટ્રનાં એક વગદાર કોળી નેતા કુંવરજી બાવળીયાને ટીમ ભુપેન્દ્રમાંથી પડતા મુકવામાં આવ્યા છે. કુંવરજી બાવળીયાએ પોતાની પ્રતિક્રિયા વ્યકત કરતા જણાવ્યું હતું કે, પક્ષની નો રિપીટ થિયરીને હું આવકાર આપુ છું. તમામ લોકોએ આ થિયરીનો સ્વીકાર કરવો જોઇએ. વિંછીયામાં કુંવરજીભાઇના સમર્થનમાં બંધનું એલના અપાયા બાદ મોટા ટોળા બજારોમાં ફરીને દુકાનો બંધ કરાવા લાગ્યા હતા. ત્યાર બાદ ગાંધીનગરથી તુરત જ પોતાનો પ્રતિભાવ આપી બાવળીયાએ પક્ષના નિર્ણયને સીરોમાન્યો રાખ્યો હતો અને આવકાર આપ્યો હતો. સાથેસાથે બાવળીયા સ્પષ્ટ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં કોઇએ વિરોધ કરવાનો નથી. નો રિપીટ થીયરીને બધા લોકોએ આવકાર આપવો જોઇએ. હું પણ આવકાર આપુ છું.

વિંછીયા સિવાય સૌરાષ્ટ્ર કે ગુજરાતના કોઇપણ વિસ્તારમાંથી વિરોધનો અવાજ ઉઠયો નથી અથવા તો પ્રતિકુળ પ્રતિક્રિયા પણ આવી નથી.

વિંછીયામાં જાગેલા વિરોધ અને બંધના એલાન અંગે પત્રકારોએ પ્રશ્ન કરતા બાવળીયાએ જણાવયું હતું કે, કાર્યકરોની લાગણી દુભાઇ એટલે વિરોધ કરી રહયા હતા. પરંતુ મને કોઇ નારાજગી નથી પક્ષના નિર્ણયને આવકારૂ છુ અને પક્ષ જે કામ સોંપે તે સારી રીતે કરવા તૈયાર છું. મને ખુબ માન સન્માન મળ્યું છે. મંત્રી પદ જતું રહયું તેનો કોઇ રંજ નથી.(૨.૧૧)

## રાજકોટઃ ઉજવલા યોજના હેઠળ લાભાર્થીઓને ગેસ કીટનું વિતરણ આવતીકાલે કરાશેઃ ગોંડલ ચોકડી પાસે એલીવેટેડ ફલાઈઓવર બનાવવાનું આયોજન, ડિઝાઇન તૈયાર

### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# વિવિધ સ્થળોએ મોબાઈલ વાહન દ્વારા વેક્સિનેશન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિવસ નિમિતે વેક્સિનેશન મહાભિયાન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિને મહાનગરપાલિકા દ્વારા કોરોના વેક્સિનેશન મહાઅભિયાન યોજાશે. એક બેઠક યોજાઈ હતી, જેમાં આવતીકાલે વધુ ને વધુ લોકો વેક્સિન લઈ લ્યે તે અંગે આયોજન કરવામાં આવ્યું હતું. મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ અને મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ વેક્સિનેશનમાં બાકી રહેલા લોકોને આ વેક્સિનેશન મહાઅભિયાનમાં લાભ લેવા ખાસ અપીલ કરી છે.

મહાનગરપાલિકાની ઈસ્ટ અને વેસ્ટ ઝોન ઓફિસ અને સેન્ટ્રલ ઝોન માટે મેસોનિક હોલ, તેમજ શહેરના ૨૧ આરોગ્ય કેન્દ્રો, દરેક વોર્ડ ઓફિસ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન ખાતે ઉપરાંત સામાજિક સંસ્થાઓ, હાઉસિંગ સોસાયટી કોલેજો, સ્લમ એરિયા, ઈન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે પણ વેક્સીનેશન થશે અને અન્ય વિવિધ સ્થળોએ મોબાઈલ વેક્સિનેશન વાન મોકલીને વેકસીનેશન થશે. આ મહાઅભિયાનમાં હાઉસિંગ સોસાયટીઓ, સ્લમ એરિયા, બાંધકામ સાઈટ્સ, હોકાર્સ ઝોન વગેરે સ્થળોને આવરી લેવામાં આવશે.

તમામ આરોગ્ય કેન્દ્ર સહિત ૩૧ કેન્દ્રો પર કોવીશિલ્ડ રસી આપવામાં આવે છે. જ્યારે બે કેન્દ્રો પર કોવેક્સિન રસી આપવામાં આવે છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

### રાજકોટના ઉપલાકાંઠાના નેતાને પ્રથમવાર મોટી તક

# ધારાસભ્ય રૈયાણી મંત્રી બનતા જોરદાર ઉજવણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૬

ગુજરાત રાજયના નવા મંત્રીમંડળની શપથવિધિ કાર્યક્રમ શરૂ થતા ધારાસભ્યોના ઘર અને કાર્યાલય ખાતે જશ્નનો માહોલ જોવા મળ્યો હતો. રાજકોટ વિધાનસભા ૬૮ના ધારાસભ્ય અરવિંદ રૈયાણીનો મંત્રી મંડળમાં સમાવેશ થતા તેમના સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને કાર્યાલયની બહાર શેરીમાં ટીવી ગોઠવી શપથવિધિ જોવાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ વિધાનસભા ૬૮ના ધારાસભ્ય અરવિંદ રૈયાણીને મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવતા આજે તેમના કાર્યાલય ખાતે જીતનો જશ્ન મનાવ્યો હતો.

આ સાથે અરવિંદ રૈયાણીને આજ રોજ સવારના સમયે ભાજપના હાઇકમાન્ડ માંથી ફોન આવતા તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યકર્તા અને સમર્થકોએ ફટાકડા ફોડી શેરીમાં ટીવી રાખી શપથવિધિ સમારોહ લાઈવ નિહાળવા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરિવારજનો અને મિત્રો દ્વારા ઘરમાં મીઠાઇ વેચીને આનંદ ની લાગણી વ્યકત કરી. પરિવારજનો અને સમર્થ કે ઘરમાં જ ગરબો શરૂ કરી દીધો હતો. ચારે તરફ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યકર્તાઓ પણ ખડ્અ રૈયાણીને મંત્રીમંડળમાં સ્થાન મળતાની સાથે સોશિયલ મીડિયા ઉપર અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. ખડ્અ રૈયાણીના વિસ્તારમાં ઉજવણીનો માહોલ શરૂ થઈ ગયો હતો. મંત્રીમંડળમાં સમાવેશ થતાની સાથે જ હર્ષ ઉલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે. શપથગ્રહણ સમારંભ સમયે ભવ્ય આતશબાજી અને ફટાકડા ફોડવામાં આવ્યા હતા.

# રાજકોટમાં એક દિવસના વિરામ બાદ ફરીથી મેઘાવી માહોલ

### અનેક જગ્યાએ ઝાપટાથી માંડીને હળવો વરસાદઃ વાદળછાયું વાતાવરણ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા., ૧૬:

રાજકોટ સહીત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગઇકાલે એક દિવસ વરાપ રહયા બાદ આજે સવારથી મેઘાવી માહોલ સાથે વરસાદ શરૂ થયો છે. કયાંક ઝાપટા તો કયાંક હળવો વરસાદ વરસી રહયો છે. વરસાદને કારણે જગતનો તાત ખુશખુશાલ છે. આજે સવારથી પણ ધીમી ધારે સાથે વરસાદ વરસી રહેલ છે.રાજકોટ જિલ્લામાં આજે સવારથી વરસાદી માહોલ જામ્યો છે. રાજકોટ અને પડધરીમાં આજે વહેલી સવારથી જ મેઘરાજાએ મંડાણ માંડ્યાં છે અને ધીમી ધારે વરસાદ વરસવાનું શરૂ થયું છે. રાજકોટમાં ધીમી ધારે વરસાદથી રસ્તા પર પાણી ફરી વળ્યાં છે તેમજ કાળાં ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાયેલું હોવાથી વિઝિબિલિટી ઘટતાં વાહનચાલકો પરેશાન થયા છે અને ફરજિયાત વાહનની લાઇટ ચાલુ રાખવાની ફરજ પડી છે.જીવાદોરી સમાન ભાદર-૧ ડેમ છલકાવા આડે હજુ પોણા ચાર ફુટ જેટલું છેટુ રહી ગયુ છે. તો આજી-૧ ડેમ પણ છલકાવામાં માત્ર અર્ધો ફુટનું છેટુ રહી ગયુ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ભાદર-૧માં ૦.૧૦ ફૂટ નવું પાણી આવતા ડેમની સપાટી ૩૧.૧૦ ફૂટે પહોંચી છે. જોકે ભાદરમાં હજુ દર કલાકે ૧૨૦૦ કયુસેક નવા પાણીની આવક ચાલુ છે. આ ઉપરાંત આજી-૧માં પણ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન અર્ધો ફૂટ નવું પાણી આવતા ડેમની સપાટી ૨૮.૩૦ ફૂટે પહોંચી ગઇ છે અને ડેમ છલકાવામાં હજુ અર્ધો ફૂટ જેટલું છેટુ રહી ગયુ છે. સિંચાઇ વિભાગના કન્ટ્રોલ રૂમના જણાવ્યા મુજબ આજી-૧માં હવે નવા નીરની આવક બંધ થઇ જવા પામી છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લાનાં ભાદર-૨ ડેમમાં પણ વધુ એક ફૂટ નવું પાણી આવેલ છે. તથા મોરબીના મચ્છુ-૧ ડેમમાં ૦.૧૩ ફૂટ, મચ્છુ-૨માં ૦.૧૦ ફુટ અને ડેમી-૧માં ૦.૧૩ ફૂટ તથા ડેમી-૩માં ૦.૧૬ ફુટ નવા નીરની આવક થવા પામી છે. આ ઉપરાંત જામનગરનાં ડાઇ મીણસરમાં અર્ધો ફૂટ અને રૂપાવટીમાં પોણો ફૂટનવા પાણીની છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આવક થઇ છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.